

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH



તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થ

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા

પુસ્તક ૫૩
અંક ૯-૧૦ મો
ચૈત્ર-વૈશાખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧. નિજાત્મ હંસલને ... | ( પાદરાકર ) | ૧૨૯ |
| ૨. દૂતિપલાસ ચૈત્યનો એક પ્રસંગ ... | ( શ્રી મોહનલાલ દી. ચોકસી ) | ૧૩૦ |
| ૩. જીવનની દીવાદાંડી ... | ( શ્રી પ્રાણજીવન હરગોવિંદદાસ ગાંધી ) | ૧૩૩ |
| ૪. ભગવાન મહાવીરનો દીક્ષા મહોત્સવ ... | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૧૩૬ |
| ૫. અંધ-હરિત ન્યાયનું જૈન અને બૌદ્ધ દૃષ્ટિએ નિરૂપણ... | ( શ્રી જયંતિલાલ ભાઈશંકર દવે ) | ૧૪૦ |
| ૬. શ્રી વીરની સાથે થોડી કડવી-મીઠી ... | ( શ્રી ન. અ. કપાસી ) | ૧૪૨ |
| ૭. જગત વત્સલ ભગવાન મહાવીર ... | ( શ્રી ફૂલચંદ હ. દોશી ) | ૧૪૫ |
| ૮. 'નયચક્ર' ની નવી હસ્તપ્રત ... | ( શ્રી રતિલાલ દી. દેસાઈ ) | ૧૪૭ |
| ૯. સમાનતાવાદ ... | ( મુનિશ્રી દર્શનવિજયજી 'ત્રિપુટી' ) | ૧૫૧ |
| ૧૦. નિંદા કરનારનું પણ સન્માન કરો ... | ( ભવાનભાઈ પ્રાગજી સંઘવી ) | ૧૫૪ |
| ૧૧. સાભાર-સ્વીકાર ... | | ૧૬૦ |
| ૧૨. વર્તમાન સમાચાર ... | | ટા. પે. ૨ |


## સંયુક્ત અંક.

આ વખતે ચૈત્ર તથા વૈશાખ માસનો સંયુક્ત અંક પ્રકટ કરવામાં આવ્યો છે એટલે હવે પછીનો અગિયારમો જ્યેષ્ઠ માસનો અંક ૧૫ મી જુને પ્રસિદ્ધ થશે.

# વર્તમાન સમાચાર

### જન્મ જયન્તિ મહોત્સવ

ચૈત્ર સુદી ૧-૨ ગુરુવારે આચાર્યશ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની જન્મ જયન્તિ મહોત્સવ અંગે આ સભાના સભ્યો પાલીતાણા ગયા હતા, જ્યાં શેઠ શ્રી સકરચંદ મોતીલાલ મૂળજી તરફથી પ્રતિવર્ષ કરવામાં આવે છે તેમ સિદ્ધાચળજી ઉપર પૂજા ભણાવી ત્યાં બિરાજમાન છે તે ગુરુદેવની મૂર્તિને અંગરચના કરવામાં આવેલ અને સભાના સભાસદોનું પ્રીતિભોજન કરવામાં આવ્યું હતું.

---

## શ્રી કથારત્નકોષ ( ભાષાંતર દ્વિતીય ભાગ. )

### કર્તા—શ્રી દેવભદ્રાચાર્ય મહારાજ.

જેમાં સમ્યક્ત્વના તેત્રીશ સામાન્ય ગુણો, પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણોનું સુંદર-સરલ નિરૂપણ તથા વર્ણન, તેને લગતી પ્રાસંગિક, મૌલિક, અનુપમ નહિં જાણેલી, સાંભળેલી, વાંચેલી, નવીન પચાસ કથાઓ, અન્ય અનેક અંતર કથાઓ અને સત્પુરુષોના માર્ગો, ઋતુ, ઉપવન, રાજ્ય લક્ષણો, સામુદ્રિક તેમ જ વ્યવહારિક, સામાજિક, રાજકીય અને નૈતિક વગેરે અનેક વિષયો દેવ, ગુરુ, ધર્મ, જિનપૂજા વગેરેના સ્વરૂપો અને વિધાનોનું વર્ણન વગેરે અનેક વિષયો આવેલા છે. પ્રથમ ભાગમાં સમ્યક્ત્વના વીશ ગુણોનું વર્ણન આપવામાં આવ્યું છે. આ બીજા ભાગમાં બાકીના તેર સમ્યક્ત્વના અને પંચ અણુવ્રતના મળી કુલ અઢાર ગુણોનું કથાઓ સહિત વર્ણન આપવામાં આવ્યું છે. સારા કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી **આ સભાના માનવંતા પેટ્રન સાહેબો લાઈફ મેમ્બરોને ધારા પ્રમાણે ભેટ આપવા** આ ગ્રંથ છપાય છે. સુમારે ત્રીશ ફોર્મ ક્રાઉનઆઠ પેજી લગભગ ૨૫૦) પૃષ્ઠમાં તૈયાર થશે. **નવા થનાર પેટ્રન સાહેબો તેમજ લાઈફ મેમ્બરોને પણ ભેટ આપવામાં આવશે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૨ ચૈત્ર–વૈશાખ પુસ્તક ૫૩ મું.
વિક્રમ સં. ૨૦૧૨ અંક ૯–૧૦ મો

# નિજાત્મ હંસલને

( રાગ—રૂષભ જિણંદશું પ્રીતડી )

હૃદય સરોવર હંસલો, ચારો ચરતો રે જ્ઞાન મોતી અમૂલ.
માનસ સરવર મહાલતો, પરખંદો રે પય–જળનો સુકુળ ! હૃદય૦

સોહંતો સલુણા સ્વભાવથી, પરભાવે રે જાણે જીવન ધૂળ !
સંતહૃદય સમ શુદ્ધ જે, ધારે દેવી રે એ તો જીવન દુકુલ ! હૃદય૦

માજુ માણે મોંઘી મસ્ત એ, જેનાં હૈયાં રે ફોર્યાં ફૂલ બકુલ !
નયનો નિમંળીઆં નેહે ભર્યાં, અજવાળ્યાં રે જાણે જોગીનાં કુળ ! હૃદય૦

એને ડકાર મૌક્તિકના, નવ શોધે રે મચ્છ શેવાળ મૂળ !
શોભંતો સરળ–કમળ–મુખે વાણી વહતો રે એ તો અમળ અમૂલ ! હૃદય૦

નય–નિક્ષેપ નયન ઝરે, આત્માનંદે રે, જડ્યાં જીવન–મૂળ !
પર્યાય–દ્રવ્ય–ગુણે ભર્યાં, અસ્તિ–નાસ્તિ રે ફોરે રગરગ ફૂલ ! હૃદય૦

ડોલે–ડોલાવે–દયામૃતે, એની ચંચુ રે મણિમય અણમૂલ !
તત્ત્વ મૌક્તિક લાલન ચરે, સિદ્ધાંતો હો આત્મતત્ત્વનાં તુલ ! હૃદય૦

સ્વગુણ રમણ રસીયો સદા, રોમે રોમે મુક્તિ પ્રેમે પ્રફુલ્લ !
વ્હાલા મણિમય હંસલા, ઘેર આવો હો ધારી સ્વરૂપ દુકુલ ! હૃદય૦

પાદરાકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દૂતિપલાસ ચૈત્યનો એક પ્રસંગ

ચરમ તીર્થપતિનો જન્મદિન આવતાં જ સહજ તેઓશ્રીના જીવન પ્રતિ દ્રષ્ટિ ખેંચાય છે. એક રીતે જોઈએ તો શ્રીમદ્ કાલિકાચાર્યે સભા સમક્ષ શ્રી કલ્પસૂત્ર વાંચનની પ્રથા શરૂ કરી આમ જનસમૂહ ઉપર ભારે ઉપકાર કર્યો છે. એ દ્વારા વર્ષમાં એક વાર ઉપાસકોને પોતાના ઇષ્ટ એવા તીર્થંકરોમાંના ચારના જીવન થોડા વિસ્તારથી જાણવાનો યોગ સાંપડે છે, અને એમાં પણ શાસનનાયક એવા **શ્રી વર્ધમાનસ્વામીના** જીવન સંબંધમાં સુબોધિકાકાર ઉપાધ્યાય શ્રી વિનયવિજયજીએ લગભગ છ વ્યાખ્યાનો પોતાની ટીકામાં નિયત કર્યા છે. આમ છતાં ભગવંત **શ્રી મહાવીરદેવના** જીવન સંબંધી એમાં સર્વ કંઈ આવી જાય છે એવું નથી જ. જરા બારિકાઈથી અવલોકીએ તો અંતિમ તીર્થપતિનું જીવન એટલે કર્મરાજ સાથેનો સંગ્રામ કહી શકાય. એ વાત જ મુખ્યપણે પવિત્ર એવા શ્રી કલ્પસૂત્રના પાનામાં સંગ્રહાયેલી છે. તેઓશ્રીએ ચાર ઘાતી કર્મોનો પૂર્ણપણે ઘાત કરી ઋજુવાલિકા તટે અપૂર્વ એવા કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી ત્યારપછી જે અદ્ભુત કામ બાકીના ત્રીશ વર્ષ સુધી કર્યું એની આછી રેખા સરખી પણ ઉપર વર્ણવેલ સૂત્રમાં નથી. માત્ર કયા કયા સ્થાને કેટલા ચોમાસા કર્યા એની નોંધ આલેખી સૂત્રકાર ભગવંતનો નિર્વાણસમય કંઈક વિસ્તારથી વર્ણવે છે.

આજના વિજ્ઞાન યુગની નજરે ભગવંતના બોંતેર વર્ષને નિમ્ન પ્રકારે વિભાજિત કરી શકાય.

(૧) નિષ્ક્રમણ માટેનો તૈયારી કાળ અથવા ગૃહસ્થ જીવનના ત્રીશ વર્ષ.

(૨) પૂર્ણ જ્ઞાનપ્રાપ્તિ પૂર્વેનો સમય અર્થાત્ કર્મરાજ સાથેના સંગ્રામમાં વ્યતીત કરાયેલ સાડાબાર વર્ષ.

(૩) કૈવલ્યરૂપી સિદ્ધિ દ્વારા જન ઉપકાર કરવાને કંઈક ઊણા ત્રીશ વર્ષ સુધી ઉપદેશકનું જીવન.

વર્તમાન યુગને નજર સામે રાખીએ તો ભગવંતના જીવનનો છેલ્લો ભાગ આજે જેટલા પ્રમાણમાં વધુ પ્રચાર પામે તેટલા પ્રમાણમાં વધુ લાભદાયી છે, કેમકે એ સમયમાં ભગવંતને શાસનની સ્થાપના કરતાં જે દીર્ઘદ્રષ્ટિ દાખવવી પડી છે અને એ કાળે ધર્મના નામે જે દંભી નાટક ભજવાતા હતા એનો પ્રેમદ્વારા જે સ્ફોટ કરવાની હિંમત બતાવવી પડી છે એના મૂલ્યાંકન ઓછા આંકવાના નથી જ.

ચોદિશ એ વેળા ગાઢ, અજ્ઞાનરૂપી તિમિર એટલી હદે છવાયું હતું કે જેથી આજની દ્રષ્ટિયે સામાન્ય લાગતો કોઈ વાતનો ઉકેલ તે કાળે બુદ્ધિમાનની કોટિમાં બેસનાર વર્ગને ગળે ઉતારવા સારૂ ભારે પરિશ્રમ કરવો પડતો હતો ! અરે ! આમ જનસમૂહ ઉપર રાજવી કરતાં ધર્મગુરૂની દોરી જેમના હાથમાં હતી એવા ભૂદેવોનું એક સામ્રાજ્ય પ્રવર્તતું હતું. તેમનો સામનો કરવો એટલે સામી છાતીએ યમદેવને આમંત્રણ આપવા જેવું ગણાતું.

વિશ્વકલ્યાણ અર્થે જ જેમનું જીવન છે અને કૈવલ્યજ્ઞાનરૂપી દર્પણમાં જેણે જગત્ ભાવોને યથાર્થ સ્વરૂપમાં જોયા છે, એવી વિભૂતિને ઉપર વર્ણવેલી પરિસ્થિતિથી નહોતુ મુંઝાવાપણું, નહોતી પીછેહઠ કરવાની. સર્વસ્વના ત્યાગી એ મહાશ્રમણને–વીતરાગ દશાના શ્વેત અંચળધારીને પોતાનો સંદેશ વિસ્તારવા સારુ નહોતી કોઈ રાજવીના અવલંબનની અગત્ય કે નહોતી કોઈ શસ્ત્રાસ્ત્રની જરૂર ! અહિંસા અને પ્રેમરૂપી બે મજબૂત ચક્ર ઉપર ચાલતો ઉપદેશરૂપી રથ સૌ પ્રથમ તો મહાસેન વનમાં જ આવી ખડો થઈ ગયો. ભારતમાં એ કાળે મગધનું સ્થાન સર્વશ્રેષ્ઠ હતું અને રાજગૃહી પાટનગર એ જેમ વ્યવસાયીઓ માટે ધીકતું ધામ લેખાય, તેમ વિદ્વાનોને પંડિતો માટે પણ આગળ પડતી વાદભૂમિ ગણાય. મહાસેન વનની સમિપમાં નગરની ભાગોળે એ વેળા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સોમલદ્વિજે મોટો યજ્ઞ આરંભેલો. એમાં સંખ્યાબંધ વિદ્વાનો પધારેલા. એમાં ઇંદ્રભૂતિ આદિ અગિયાર પંડિતો તો એટલા બધા અભ્યાસી અને અનુભવી કે તેમની ગણના મહાવાદીમાં જ થાય.

ભારે નામનાવાળા આ પ્રખર બુદ્ધિમાનોને મીઠી વાણીએ બોલાવી અનેકાંત દ્રષ્ટિવડે તેમના હૃદયમાં છૂપાઇ બેઠેલી, ઇતર પંડિતોથી અજાણી શંકાનું નિરાકરણ કરી, ભગવંત મહાવીરે જનકલ્યાણના માર્ગના શ્રીગણેશ કર્યા. સમ્યગ્જ્ઞાનનું અંજન આંજી તેમની વિદ્યાને શુદ્ધતાનો ઓપ ચઢાવ્યો..માત્ર 'ઉપજે, વ્યય લહે, તહાવિ તેવો રહે' એ ભાવને જણાવતાં ત્રણ પદ આપી, એ પંડિતોની પ્રજ્ઞાને એવો તો સરસ વળાંક આપ્યો કે એક સમયના એ ભૂદેવો યજ્ઞયાગની હિંસાના પાકા વિરોધી બન્યા અને ભગવંત મહાવીરના મુખ્ય શિષ્યો બની, અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય અને અપરિગ્રહરૂપી પાંચ વ્રતને ધારણ કરતાં પૃથ્વીતળ ઉપર સ્વપરકલ્યાણ અર્થે ઘુમી રહ્યા. જ્ઞાની ભગવંતે દ્વિજ વર્ગમાં ઘર કરી રહેલી અજ્ઞાનતા-હિંસા અને દાંભિકતા, તેમના જ જાતભાઇઓના જીવન પરિવર્તન કરી, દૂર કરવાનું મહાન્ કાર્ય આરંભ્યું. જીવનના એ આખરી વર્ષોમાં તેઓશ્રીએ ભારતની ધરતીમાંના ઘણા ભાગોમાં ભ્રમણ કર્યું છે. હજારોના હૃદય અજવાળ્યા છે. એ રીતે સંખ્યાબંધ આત્માઓનો કલ્યાણપંથ નક્કી કરવામાં અવલંબનરૂપ બન્યા છે. આ વર્ષોની નોંધ તો કેટલીયે જાણવા જેવી, વિચારવા જેવી અને અમલ કરવા જેવી બાબતોથી ભરપૂર છે. એ માટે ભલે કલ્પસૂત્રકાર પાસે સમય ન હોય, પણ તેથી નિરાશ થવાનું કંઇ જ કારણ નથી. એને વર્ણવતા 'આચારાંગ' 'ભગવતી' જેવા અંગો, 'વિશેષાવશ્યક' જેવા સૂત્રો અને 'વર્ધમાન દેશના' કે 'શ્રમણ ભગવાન્ મહાવીર' જેવા ગ્રંથો મોજુદ છે. કલિકાલસર્વજ્ઞે તો દશમું પર્વ, પોતાના ત્રેસઠ શલાકા પુરુષના ક્રમમાં આવતાં ચોસઠમા મહાન્ આત્માના અર્થાત્ શ્રી મહાવીરદેવના જીવનચરિત્રથી સમૃદ્ધ બનાવ્યું છે. અહીં તો એમાંની એકાદ વાનકી રજૂ કરી સંતોષ પકડીશું.

'વર્ષાઋતુની સમાપ્તિ થતાં જ ભગવંત શ્રી મહાવીર **નાલન્દાની** ભૂમિ છોડી વિહારમાં આગળ વધ્યા. માર્ગમાં આવતાં ગ્રામો અને નગરોમાં ધર્મનો-આત્મશ્રેયના માર્ગનો પ્રચાર ચાલુ જ રાખ્યો. એમ માર્ગ કાપતાં વિદેહની રાજધાની નજિકના વાણિજ્ય ગામે આવી પહોંચ્યા. આ સ્થાન ગંડકી નદીના કિનારે વસેલું હોઇ વ્યાપારનું કેન્દ્ર હતું. અહીં મહાન્ શાહ-સોદાગરોની કોઠીઓ (offices) અને માલ ભરવા માટેના મોટા ગોદામો હતા. આ ગામમાં અનેક ધનાઢ્ય જૈન ગૃહસ્થો રહેતા હતા, જેમાંના એકનું નામ સુદર્શન હતું.

ભગવાનના પગલા વાણિજ્ય ગામની ભાગોળે આવેલ દૂતિપલાસ ચૈત્યમાં થયાના સમાચાર જોતજોતામાં ગામમાં પ્રસરી ગયા અને એથી હજારો નરનારીઓ પ્રભુની દેશના સાંભળવા એકઠા થયા.

અહિંસા, સંયમ અને તપ જેના પાયામાં છે એવા ધર્મ અંગે વિસ્તારથી વિવેચન શ્રવણ કરી, યથાશક્તિ વ્રત નિયમ ગ્રહણ કરી, સૌ પોતાના સ્થાને પાછા ફર્યા.

સભાના વિસર્જન પછી સુદર્શન શેઠે ભગવંતની પાસે આવી 'કાળ' સંબંધી સંખ્યાબંધ પ્રશ્નો પૂછ્યા-

કાળના પ્રકાર કેટલા છે? એમાં પ્રમાણ કાળ કેટલા પ્રકારનો હોઇ શકે? પ્રમાણ-કાલ, યથાયુષ્ક, નિર્વૃત્તિકાલ, મરણકાળ અને અદ્ધાકાળનું સ્વરૂપ શું? પલ્યોપમ અને સાગરોપમની આવશ્યકતા શા કારણે?

જિજ્ઞાસુના હૃદયને સંતોષ આપવો એ મહાત્માઓનો ધર્મ. જ્ઞાની ભગવંતે એ દરેકના ઉત્તર આપી, એની પ્રતિતી કરાવવા સારુ જણાવ્યું કે—

સુદર્શન! પૂર્વભવમાં તું મહાબળ નામનો રાજકુમાર હતો. સંતસમાગમથી ગૃહસ્થધર્મ ત્યાગી તેં શ્રમણધર્મ સ્વીકાર્યો હતો. કેટલાક વર્ષો સુધી એ ધર્મનું પાલન કરી, ત્યાંથી કાળ કરી તું બ્રહ્મદેવલોકમાં દશ સાગરોપમના આયુષ્યપ્રમાણવાળો દેવ થયો. ત્યાંથી ચ્યવીને આ ભવમાં સુદર્શન શેઠરૂપે થયો છે. પૂર્વ ભવમાં તેં શ્રમણધર્મનું આરા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધન કર્યું હતું, તેના સંસ્કારથી આ ભવમાં તને સ્થવિરોનો સમાગમ ગમે છે અને ધર્મ સુણવાની પાકી શ્રદ્ધા છે.

શ્રી મહાવીરદેવની ઉપર વર્ણવેલી વાત વિચારતાં શેઠ સુદર્શનને જાતિસ્મરણ જ્ઞાન થયું. એથી પ્રભુએ કહેલી વાત દર્પણમાં મુખ જણાય તેમ આત્મા સામે તરી રહી. હર્ષાશ્રુઓથી નેત્રો ભરાઇ ગયા. આ કાંઇ જેવો તેવો યોગ ન લેખાય.

સુદર્શન શેઠે કહ્યું કે–ભગવંત આપે કહેલી વાત મને પ્રત્યક્ષ થઇ છે. એ શ્રમણધર્મનું સેવન હું પુનઃ કરવા ઇચ્છું છું.

મહાનુભાવ, પ્રમાદ ન કરીશ.

એ દૂતિપલાસ ચૈત્યમાં જ પ્રભુશ્રી મહાવીરદેવના વરદ હસ્તે શેઠ સુદર્શને પ્રવ્રજ્યા અંગીકાર કરી, ક્રમશઃ ચૌદ પૂર્વ સુધીનો અભ્યાસ કર્યો. બાર વર્ષ પર્યંત સંયમનું પાલન કરીને નિર્વાણ પામ્યા. આ છે તેઓશ્રીની ઉપદેશપદ્ધતિ.

**મોહનલાલ દીપચંદ ચોકસી**

---

## શાશ્વત અને અશાશ્વત

સંસાર નશ્વર હોય, અસાર હોય, અનિત્ય હોય, ક્ષણભંગુર હોય, તો આપણે આપણને કેમ શાશ્વત માની બેસીએ છીએ? આપણું જીવન કેમ નિત્ય અને વ્યવસ્થિત લાગે છે? આપણે આપણી જાતને કેમ ચિરંજીવી માનીએ છીએ? કારણ કે દુનિયામાં બધું ય ક્ષણભંગુર છે જ નહિ; આપણો દેહ, આપણા વિલાસો અને આપણું ભૌતિક સુખ–આ બધું અસ્થિર છે, પણ આપણો આત્મા તો અમર છે, એનો પ્રવાસ કદી અટકતો નથી, એ તો શાશ્વત છે અને એનું જ પ્રતિબિમ્બ જગતની વસ્તુઓમાં પડવાથી આપણે માનીએ છીએ કે આ બધું સ્થિર છે, શાશ્વત છે, અને ખરી રીતે ધર્મશાસ્ત્રો અહીં જ કામ લાગે છે. એ સમજાવે છે કે–તમને જે શાશ્વત લાગે છે, તે ભૌતિક પદાર્થ નહિ પણ આત્મા! અને તમને જે નશ્વર લાગે છે તે આત્મા નહિ પણ ભૌતિક પદાર્થ.

—મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવનની દીવાદાંડી

શ્રી પ્રાણજીવન હરગોવિંદદાસ ગાંધી

સંસારને સમુદ્ર કહીએ છીએ. સમુદ્રનું પેટ અને પેટાળ એટલાં ઊંડા, વિશાળ અને અગાધ છે કે તેમાં ઘણું આવે છે, ઘણું તેમાંથી જાય છે અને ઘણું તેમાં ઉત્પન્ન થાય છે. સંસારનું પણ તેમજ છે. સમુદ્રનો પટ જેમ બહોળા વિસ્તારમાં પથરાએલો છે તેમ સંસારનો કાંઠો પણ વિશાળ છે. પૃથ્વી અને આકાશમાંથી અનેક વસ્તુઓ સમુદ્રમાં આવીને પડે છે તેમ સંસારચક્રમાં પણ અનેક પ્રાણીઓ અને અનેક પ્રવૃત્તિઓની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના વમળો ઉત્પન્ન થાય છે. સાગર અને સંસારને અનાદિઅનંત, અનાદિસાંત જે કહેવું હોય તે કહી શકાય. સમષ્ટિની અપેક્ષાએ બન્ને અનાદિઅનંત છે; વ્યક્તિની અપેક્ષાએ બન્ને અનાદિસાંત છે. "આપ મુઆ પછી સબ ડૂબ ગઇ દુનિયા" એ સાચું છે. જીવને મુક્તિ મળે એટલે તેને માટે સંસારનો અંત આવે છે.

સાગર ઉપર સ્વામીત્વ જમાવવા માનવશક્તિ સેંકડો સદીઓથી મથામણ કરી રહી છે, પરંતુ બાળકને જેમ માતા ખોળો ખૂંદવા દે છે અથવા પોતાના શરીર ઉપર સ્વાર થવા દે છે, તેમ સાગર ઉપર માણસ સેતુ બંધે, નૌકાઓ ચલાવે કે માનવસર્જિત ડુબકકિરતીઓ સંતાકુકડીની રમત રમે, તે બધું સાગરની જ્યાં સુધી સહનશીલતા હોય ત્યાં સુધી થઇ શકે છે. તમે જો તોફાનની હદ વટાવો તો માતા જેમ તમને ફેંકી દે છે કે શિક્ષા કરે છે, તેમ સમુદ્ર પણ તમારા ફુરચા ઉડાડી દે છે અને યાહોમ કરી નાખે છે. માતાનો પ્રેમ અને વત્સલભાવ હોય ત્યાં સુધી તે તમારી મસ્તી સહી લે છે. જેમ સમુદ્ર જ્યાં સુધી પ્રશાંતભાવમાં હોય ત્યાં સુધી તમે તેના ઉપર વિહાર કરી શકો અને ગમે તેમ વર્તી શકો. તમે જો મર્યાદા ઉલ્લંઘો તો તમારું આવી જ બને. સંસાર અને સાગર બન્ને ઉદાર અને વિશાળ દિલવાળા છે. બન્ને તમને પાળે, પોષે અને આનંદ કરાવે પરંતુ તમારામાં જેટલી નિર્દોષતા, યોગ્યતા અને સંયમીપણું હોય તેટલા જ પ્રમાણમાં તમે તમારું ધાર્યું કરી શકો અને તમારી ઇચ્છા પ્રમાણે વર્તી શકો. **સંસાર સારો છે કે ખારો તેનો મુખ્ય આધાર આપણી મનોવૃત્તિ અને આપણા વર્તન ઉપર રહે છે.** આપણે સારા તો જગત્ સારું; આપણે ખરાબ તો જગત્ આપણે માટે જરૂર આફતરૂપ બને છે, માટે જ જગતને આપણા પોતાના જીવનની આરસીરૂપ ગણીએ છીએ. **આપણે જેવા હોઇએ તેવું પ્રતિબિંબ જગતમાં દેખાય છે અને જગત તે પ્રમાણે આપણી સાથે વર્તન રાખે છે.** માટે જ કહેવત છે કે "જેવી દષ્ટિ, તેવી સૃષ્ટિ" આપણને દેખાય છે. આને **વ્યક્તિવાદ** પણ કહી શકાય.

પણ વ્યક્તિ એ સમષ્ટિનું એક અંગ અને અંશ છે. એકના આઘાત પ્રત્યાઘાત કે અસર બીજા ઉપર અવશ્ય પડે છે. **વ્યક્તિ પોતે જેટલી સાચી કે સારી હોય, તેટલા પ્રમાણમાં સમાજ પણ સારો હોય છે. બન્ને એકબીજાના પૂરક અવિભાજ્ય અંગ છે,** માટે દરેક વ્યક્તિએ સારા થવાનો પ્રયાસ કરવો જોઇએ, તો જગત આખું સારું નંદનવન સમું બની શકે. પાણીનો સ્વભાવ છે કે નીચાણ તરફ સહજ ઢળી જાય. પણ પાણીને ઉંચાણ તરફ વાળવું હોય તો તે માટે કરામત કરવી જોઇએ. તે જ રીતે પ્રાણીપ્રકૃતિ પણ નીચે ઢળી જાય છે. તે તેનો સહજ સ્વભાવ છે. તેને બરોબર નીકમાં વાળીને કયારામાં પહોંચાડવી હોય કે ઊંચે ચઢાવવી હોય તો તે માટે યોગ્ય બુદ્ધિપૂર્વકની યોજના અને પ્રબંધ કરવા જોઇએ. એટલે કે **પ્રકૃતિનું ઘડતર કરી તેને સંસ્કાર આપવા જોઇએ.** આ કામ માબાપ, વડિલો, વિદ્યાગુરુઓ, ધર્મગુરુઓ કે સમાજનાયકોએ કરવાનું હોય છે. **સૌથી ઉપયોગી શિક્ષક માતા છે,** માટે જ સ્ત્રીસમાજનો ઉત્કર્ષ સૌથી પ્રથમ કરવો જરૂરનો છે. અનુભવ એમ કહે છે કે—જૈન સમાજમાં



For Private And Personal Use Only

સ્ત્રીઓ ધર્મ અને ધર્મક્રિયામાં, જપતપમાં અને ધાર્મિક શિક્ષણમાં પૂરતી શ્રદ્ધા ધરાવે છે અને પુરુષો કરતાં તેઓ વધુ પ્રગતિશીલ છે. ભલે તેમાં જ્ઞાન કદાચ ઓછું હશે. **જ્ઞાન કરતાં શ્રદ્ધા વધુ ફળદાયી માનીએ,** તો તેમાં શું ખોટું છે? પુરુષો કરતાં સ્ત્રીઓનુ સ્થાન સમાજમાં નીચું માનવામાં આવે છે તે અમુક અપેક્ષાએ. બાકી નીચી કક્ષાથી ઊંચે ચઢવામાં આજે પુરુષો કરતાં સ્ત્રીઓ વધુ પ્રયત્નશીલ બની છે એમ ચોતરફ દૃશ્યમાન થાય છે. અને તે જરૂરતું પણ છે.

"પારકી આશ સદા નિરાશ" એ સૂત્ર જૈનધર્મમાં પ્રત્યેક અંગમાં વણાએલું જોવામાં આવે છે. બહારનાં બધા સાધનોને નિમિત્ત અને ગૌણ ગણવામાં આવ્યા છે. ખરો પુરૂષાર્થ તો દરેક વ્યક્તિએ પોતે કરવાનો કહ્યો છે. જે કાંઇ ધર્મકરણી કે જપ–તપ કરવાનો છે, જે જ્ઞાન મેળવવાનું છે કે જે આત્મનિરીક્ષણ અથવા આત્મસાધના કરવાની છે તે પોતે જ કરવી જોઇએ. તો જ તે ફળ આપે છે. આપણે બીજા પાસે કરાવીએ તો તેનો લાભ આપણને મળતો નથી કે તેનાથી આપણું ધ્યેય સિદ્ધ થતું નથા. **આપણે પોતે જે કાંઈ કરીએ તેનો જ લાભ કે ફળ આપણને મળે છે. પુરુષાર્થ અને સ્વાશ્રય એ જ જૈનધર્મના મૂળમાં છે.** જેઓ પુરુષાર્થી અને સ્વાશ્રયી હતા અને આજે છે તેઓ જ પ્રગતિ કરી શકયા છે અને આજે પણ પ્રગતિ સાધે છે. બધા તીર્થંકરો અને મહાપુરુષો કે મહાન્ સતીઓના જીવનચરિત્રો આ વાતની સાક્ષી પૂરે છે.

**અનેકાંતવાદ કે સાપેક્ષવાદ** જે ઉત્તમ અને સર્વમાન્ય મનાય છે તેનું રહસ્ય એ છે કે–આખા વિશ્વનું અને સમષ્ટિનું જે વિરાટસ્વરૂપ છે તેનું આખું ચિત્ર તે આપણી સમક્ષ એવી રીતે રજૂ કરે છે કે જુદા જુદા વિરોધી જણાતા તત્ત્વો કે પદાર્થો એકમેકની સાથે સુમેળથી કેમ રહી શકે છે અને તેમાં કેવું ગંભીર રહસ્ય રહેલું છે, તે અનેકાંતવાદ બહુ સુંદર રીતે સમજાવે છે. **આજનો યુગ સમન્વય દૃષ્ટિનો છે.** "મારું તે સારું" એ જમાનો આજે નથી. ભલે હું મારી કલ્પેલી દુનિયામાં રાચુંમાચું. તેમાં મને કદાચ બહારના અવરોધો ન નડે, છતાં જેઓ સત્યની પાછળ છે, સત્યની શોધમાં છે અને જેઓને સત્ય જોવું, જાણવું અને અનુભવવું છે તેઓ જગતના ઇતિહાસ, ભૂગોળ, જ્ઞાન, વિજ્ઞાન, ધર્મો, શાસ્ત્રો, સાહિત્ય અને બીજા બધા ક્ષેત્રો યથાશક્તિ ખુંદી વળશે, તેના ઉપર વિચાર કરશે, તે સંબંધી બીજાઓ સાથે ચર્ચા કરશે, બીજાઓના દૃષ્ટિબિંદુઓ સમજવા પ્રયાસ કરશે અને તે બધું કર્યા પછી પરિણામે તેને પોતાને જે સમજાશે તેને તે માન્ય રાખશે. અને તે માન્યતા મુજબ તે પોતાના જીવનનું ઘડતર કરશે. પ્રજ્ઞા જેટલી ખીલે કે વિકસે તેટલું માણસ ગ્રહણ કરી શકે. જ્ઞાન અગાધ છે, જેનો જેટલો લાભ પ્રાપ્ત થાય તે લેવો જોઇએ.

કહેવું, જાણવું, માનવું અને અનુભવવું એ બધામાં ફરક છે. જુદા જુદા મનુષ્યોમાં તેની માત્રા વધુ ઓછી હોય છે. **દરેક સારા વિષયને સમજવા કોશીષ કરવી અને સમજપૂર્વક શુભ હેતુથી તેને જીવનમાં અનુભવવડે સિદ્ધ કરતા જવો એ જ પ્રગતિશીલપણાની નિશાની છે.** ભૂતકાળનો જમાનો શ્રદ્ધાનો હતો. આધુનિક કાળ બુદ્ધિનો છે. બુદ્ધિને જેટલું ગ્રાહ્ય કે માન્ય થાય તેટલું જ તે સ્વીકારશે. એટલે એ જરૂરનું છે કે બુદ્ધિને બુદ્ધિથી સમજાવવું. તો જ ઉપદેશ ગ્રાહ્ય થશે. શ્રી ગૌતમે પૂછેલા **બધા પ્રશ્નોના બધા ઉત્તરો પ્રભુ મહાવીરે બુદ્ધિગમ્ય, પ્રમાણભૂત અને અનુભવથી સિદ્ધ કરી શકાય તે રીતે આપ્યા હતા. અને તેથી જ તે સત્ય તરીકે સ્વીકારાય છે.** તે જ પદ્ધતિ આજના બાળજીવોને માટે અપનાવવી જરૂરની છે. પ્રભુ કેવળજ્ઞાની થયા પછી જ તેમણે જગતને ઉપદેશ આપ્યો. પોતાને સત્યનો સાક્ષાત્કાર થયો ત્યાર પછી જ તેઓએ બીજાઓની શંકાઓના સમાધાન કરી આપીને સૌને સંતોષ્યા. **શ્રદ્ધા અને સત્યને હાલની બે બાજુ માનીએ** તો ખોટું નથી. **જેટલા પ્રમાણમાં સત્ય સમજાશે તેટલા**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રમાણમાં શ્રદ્ધા વધશે અને દઢ થશે. તેમજ જેટલી શ્રદ્ધા જાગશે તેટલું સત્ય વધુ સમજાશે.** આજે જમાનો આજ્ઞાનો નથી પણ સમજનો છે, સહકારનો છે, સહિષ્ણુતાનો છે. એટલે તુલનાત્મક રીતે દરેક વસ્તુ બાળજીવોને સમજાવવામાં આવશે તો બાળકો તે વસ્તુ તુરત ગ્રહણ કરશે. જો કે જીવનના વિકાસમાં શ્રદ્ધા પ્રથમ જન્મે છે અને બુદ્ધિ તે પછી ઉપયોગમાં આવે છે. એટલે બાળકોને શરૂઆતમાં શ્રદ્ધા ઉત્પન્ન કરાવવી અને ક્રમે ક્રમે જેમ જેમ બુદ્ધિ ખીલે તેમ તેમ તેઓને બૌદ્ધિક રીતે જ્ઞાન આપવામાં આવે અને સાથોસાથ પ્રત્યક્ષ પ્રયોગો દ્વારા સત્ય પુરવાર કરીને દેખાડવામાં આવે તો તેને સત્ય યથાર્થ સમજાશે, સત્યને તે માન્ય કરશે અને શ્રદ્ધાથી સત્યને તે વળગી રહેશે.

જેમ સાગરને દીવાદાંડી ભયનિવારક અને માર્ગદર્શક બને છે તેમ જગતના ઉત્કર્ષ અને કલ્યાણ માટે વિજ્ઞાનની પ્રમાણભૂત પ્રયોગાત્મક પદ્ધતિ ધર્મોપદેશમાં, શિક્ષણમાં અને વ્યવહારક્ષેત્રમાં પણ જો અપનાવવામાં આવે તો સમાજનો મોટો ભાગ, ખાસ કરીને અત્યારનો શિક્ષિતવર્ગ, તેને જરૂર માન્ય કરશે અને સ્વીકારશે, માટે પ્રભુ મહાવીરનું જીવન-ચરિત્ર અને તેમનો ધર્મોપદેશ મનુષ્યજીવનની દીવાદાંડી-રૂપ બની શકે તે રીતે તેને પ્રરૂપવાની જરૂર છે.

## સુભાષિત—

कान्तं वक्ति कपोतिकाकुलतया नाथांतकालोऽधुना
व्याधोऽधो धृतचापसज्जितशरः श्येनः परिभ्राम्यति ।
इत्थं सत्यहिना स दृष्ट इषुणा श्येनोऽपि तेनाहत-
स्तूर्णं तौ तु यमालयं प्रति गतौ दैवी विचित्रा गतिः ॥

( મનહર )

હેઠે બેઠો તીર તાકી પારાધિ લેવાને પ્રાણ,
ઝડપીને ખાવા ફરે શિર પર બાઝ રે;
આકુલ થઇને કે' છે કપોતણી કપોતને,
આપણો તો આવ્યો નાથ ! અંતકાલ આજ રે;
પારધિને આવી ડસ્યો પગમાં સરપ ઝેરી,
કરથી છૂટેલા બાણે બાઝ વીંધી મારીયો;
દૈવની વિચિત્ર ગતિ કળી ન શકાય કોથી,
કપોત કપોતણીના જીવને ઉગારીયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરનો દીક્ષા મહોત્સવ

( લેખકઃ—'સાહિત્યચંદ્ર' શ્રી બાલચંદ હીરાચંદ-માલેગામ. )

સામાન્ય ગૃહસ્થના ઘેર પુત્રજન્મ થાય કે વિવાહ પ્રસંગ બને તો તે પ્રસંગ યથાશક્તિ ઉત્સવરૂપે માનવાની અને પોતાનો આનંદ પ્રદર્શિત કરવાની પ્રથા પરંપરાથી ચાલતી આવે છે. તેમાં કોઇ જાતની અપૂર્વતા મનાતી નથી. એ નિત્ય અનુભવની અને સામાન્ય પ્રથા થઇ પડી છે. તેમજ મહાજ્ઞાની કે જેમને આત્માનુભવની યત્કિંચિત્ પણ ઝાંખી થઇ હોય તેમજ આત્માની ઉન્નતિની થોડી પણ લગની લાગી હોય એવા સત્પુરુષોને આવા ઉત્સવો કે આનંદમાં જરાએ રસ રહ્યો હોતો નથી. તેઓ એવું સમજે છે કે, અનાદિ કાલથી આત્મા કર્મના મેલથી ખરડાએલો છે. એ મેલ નિકળવાનો એ કાંઇ માર્ગ નથી. ઉલટું એ માર્ગમાં એવા પ્રકારનો મેલ વધુ ને વધુ પ્રમાણમાં વધવાનો છે. ત્યારે બાહ્ય દેખાતા ક્ષણિક સુખમાં રાચવું, એથી ખુશી થવું એ કાંઇ ખરો માર્ગ ન કહેવાય. ઇંદ્રિયોના વિકારોને સંતોષવાથી ઇંદ્રિયોની તૃપ્તિ જ થતી હોય તો ભલે તે ઇંદ્રિયોના વિષયોને તૃપ્ત કરી લઇએ. પણ વસ્તુસ્થિતિ તદ્દન જુદી જ છે. અગ્નિમાં બલતણ જેમ જેમ ઉમેરીએ તેમ તેમ અગ્નિની ભૂખ તો વધતી જ જાય છે. અગ્નિ વધારે બલતણથી તો વધુ ને વધુ તીવ્ર બનતો જાય છે! તેને તૃપ્તિ છે જ નહીં. એવી જ સ્થિતિ ઇંદ્રિયોની છે. તેની તૃપ્તિ માટે જેમ જેમ પ્રયત્ન કરાય તેમ તેમ તેની તીવ્રતા વધ્યે જ જાય છે. ઊલટું બળતણ નાંખવું બંધ કરી દેવાય છે ત્યારે તે પોતાની મેળે શાંત થઇ જાય છે. દારૂનો એક જ ચષક કોઇ લે છે ત્યાર પછી તેને ઉપદેશ આપવો પણ મુશ્કેલ બને છે. દારૂનો એક છાંટો પણ જ્યાં સુધી મ્હોંમાં ગયો નથી ત્યાં સુધી જ ઉપદેશની કાંઇ અસર થવા સંભવ છે. એનો ચટકો લાગ્યા પછી હજાર પ્રયત્નો કરો તો પણ તેની અસર થતી નથી. દારૂ પીનારાને તેના દુષ્પરિણામોની જરાએ ખબર હોતી નથી એમ બનતું નથી. બધી સંકટપરંપરા એને સ્પષ્ટ છે. આમ છતાં એ એવી મોહિનીમાં ફસાય છે કે, એનો છૂટકો થવો તદ્દન અશક્ય પ્રાય જણાય છે. અત્યંત દરિદ્રી માણસ પણ પોતાની પત્ની તથા બાલકો ભૂખથી મરે છે એમ જાણવા છતાં, તેના દુઃખોની કલ્પના થયા છતાં પણ વખત આવે પોતાના નશા માટે ગમે તે અકૃત્ય કરવા પ્રેરાય છે. પાપ કે પુણ્ય સમજવા છતાં એ આંખ મીચી ઝંપલાવે છે, અને પોતાના આત્માનો નાશ કરે છે. ત્યારે જેની પાસે ઐહિક સાધનો વિપુલ હોય, દ્રવ્ય હોય, વૈભવ હોય, સત્તા હોય, યૌવન હોય, ઇષ્ટ પરિવાર પૂર્ણ અનુકૂલ હોય ત્યારે તે ઇંદ્રિયલોલુપ થાય અને વિષયોપભોગમાં મસ્ત બને, કર્તવ્યાકર્તવ્યનો વિવેક ન રાખે એ તદ્દન સ્વાભાવિક છે.

વર્ધમાન કુમારને રૂપ, યૌવન, આરોગ્ય, સંપત્તિ, અધિકાર, અનુકૂલ કુટુંબપરિવાર વિગેરે બધી અનુકૂલતા હતી. ઇંદ્રિયોના ભોગ ભોગવવાને બધી અનુકૂલતા હતી. એવે સમયે તેઓ બધો મોહ છોડી કેવળ સત્યની શોધ લેવા નિકળે, બધી સગવડો દૂર ફેંકી દેઇ કેવળ ભિક્ષાવૃત્તિથી પોતાનો નિર્વાહ ચલાવે અને તે પણ કેવળ શરીર ટકાવવા પૂરતું જ શુષ્ક ભોજન મેળવીને, એ એક અપૂર્વ ઘટના હતી. શરીર દ્વારા અનેક સિદ્ધિઓ મેળવવા માટે જ તેની અલ્પ સેવા કરવાનો સંકલ્પ રાખે એ કૃતિ અત્યંત આકર્ષક હતી. શરીર અને તેમાં રહેલ ઇંદ્રિયોના સેવક નહીં પણ તેના સ્વામી થઇને તેમની પાસેથી યોગ્ય સેવા લેવાનો તેમનો સંકલ્પ એ જનતાને તેમના માટે પૂજ્યભાવ પ્રગટ કરવાને પૂરતો હતો. પ્રાચીન કર્મોના સમૂહને પૂરતો જવાબ આપી તેમની પૂર્ણાહૂતિ કરી નાખવાની તેમની તમન્ના હતી. કૃતકર્મોનો પરિપાક દુઃખવડે નહીં પણ સામા જઇને આનંદથી ભોગવી લેવાનો તેમનો સંકલ્પ હતો. દ્રવ્યોના સ્વભાવની પૂરી કલ્પના તેમણે કરી લીધેલી હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગમે ત્યારે કર્મનો પરિપાક થતા તે ભોગવી લેવાના જ હતા એવી પરિસ્થિતિમાં તેમણે હસતે મુખે તેને વેદી લેવાનો કઠોર સંકલ્પ કરેલો હતો. જન્માંતરોમાં અનેક આત્માઓ સાથે અનુકૂલ કે પ્રતિકૂલ સંઘર્ષો ઉપજાવેલા તેમની સામે સ્પષ્ટ દેખાતા હતા. તેઓ વીર નહીં પણ મહાવીર થવા માગતા હતા. બધા કર્મો એમણે એકી સાથે ખપાવવા નિશ્ચય કરેલો હતો. એટલા માટે જ ઇંદ્ર મહારાજાએ તેમને અનેક દુઃખના પર્વતો ઉલ્લંઘન કરવાના છે એની કલ્પના આપી, પોતે એ દુઃખો દૂર કરવા પ્રભુને વિનવતા હતા. વર્ધમાન કુમારે એની એ માગણીનો સ્વીકાર કર્યો ન હતો. અને સામે આત્માની શકિતનો તેને ખ્યાલ આપ્યો હતો. અરિહંત પદની મહત્તા તેને સમજાવી હતી. આત્માનું વ્યકિતત્વ અને સ્વાતંત્ર્ય કેવું છે એ સમજાવી ' જે કરે તે જ ભોગવે ' એવો અનાદિ નિસર્ગ નિયમ તેને સમજાવી તેની ભક્તિપૂર્ણ સેવાનો અસ્વીકાર કર્યો હતો.

મહાન્ પુરુષો શબ્દો કરતા કૃતિથી જ લોકોને બોધ આપી તેમનું કલ્યાણ કરે છે. તેમને શબ્દાડંબર રચવાની જરૂર હોતી નથી. તેઓ બીજાના દૃષ્ટાંતો, ઉપમાઓ વિગેરે આપી, અગર સાધક બાધક પ્રમાણો બતાવી, લાંબા પ્રવચનો કરી લોકોને સમજાવવા કરતા સ્વયં આચરણ કરી કૃતિથી અનંતગણો ઉપદેશ આપી દે છે. અને અનેક ભવ્યપ્રાણિઓ તેનો લાભ ઉઠાવી આત્મકલ્યાણ સાધી લે છે. વર્ધમાનકુમારનો સંસારથી નિવૃત્ત થઇ આત્મસાધનાનો માર્ગ સ્વીકારવાનો સંકલ્પ સાંભળતા પ્રથમ તેમના નિકટવર્તી કુટુંબીજનો જેવા કે પત્ની, બંધુ, બંધુપત્ની અને આપ્તજનો ઉપર વિલક્ષણ અસર થઇ હતી. પરમ વલ્લભ, સુવિદ્ય અને પોતાના હિતકર્તા આપ્તપુરુષ ખરી ભોગ ભોગવવાની તક જતી કરી પ્રવ્રજ્યા ધારણ કરવાનો સંકલ્પ કરે એ વસ્તુ એમને મન ભયંકર વિપરીત જેવી જણાતી હતી. જગતની પરંપરા કરતા એ વિલક્ષણ માર્ગ તેમની દૃષ્ટિથી અતિ અસાધારણ અને કઠોર જણાતો હતો. ગમે તેમ કરી એ કાર્યથી વર્ધમાનકુમારને પરાવૃત કરવાનો તેમણે પ્રયત્ન આદર્યો હતો. પત્નીની સમજાવટ નિષ્ફળ ગઇ ત્યારે પૂજ્ય વડીલબંધુ અને રાજપદધારક નંદિવર્ધને પોતાની અધિકાર વાણીનો ઉપયોગ કરવો શરૂ કર્યો. માતાપિતાના મૃત્યુ પછી આવો આઘાત સહન કરવાની પોતાની અશક્તિ જણાવી કેવળ કરુણભાવે પોતાનો સંકલ્પ છોડી દેવા માગણી કરી. વર્ધમાનકુમારે મોહરાજાના પાશનો અને તેની જગદ્વિજયી પરંપરાનો વિચાર કર્યો. પોતાના આપ્તજનોને કેટલું દુઃખ થાય છે એની કલ્પના કરી લીધી અને પોતાના એ કાર્યથી મોહના પ્રાબલ્યના પ્રતાપથી કેટલી પરંપરા જાગશે એનો વિચાર કર્યો. અને અણુસદૃશ જીવને પણ જે દુભવવા માગતા ન હતા તેમને પોતાના સહોદરના વચનો ઉલ્લંઘન કરવા કઠણ જણાયા. અને છેવટે મહામુસીબતે પોતાના બંધુ અને પરિવારના આગ્રહને વશ થઇ બે વર્ષ ઘરમાં જ શુષ્કભાવે રહેવા કબૂલ કર્યું. નંદિવર્ધન વિગેરે આપ્તજનોને લાગ્યું કે એ બે વરસનો સમય કાંઇ ઓછો નથી. એટલામાં તો આપણે બધા અનેક યુક્તિઓ અજમાવી વર્ધમાનકુમારને ઘરમાં જ રાખવામાં સફળ થઇશું. આફત ટળી ગઇ છે. હવે બધું આપણા હાથમાં જ છે, એમ વિચાર કરી તેઓ બધાઓએ પોતાના મનમાં સંતોષ માન્યો ! મોહરાજાનું કેટલું પ્રાબલ્ય છે ? દરેક માનવ દરેક ઘટનાનો અર્થ પોતાને અનુકૂલ કરી લેવા લલચાય છે. મનુષ્ય ધારે છે એક અને વસ્તુ અકસ્માત્ પલટાય છે બીજી જ દિશામાં. આ કેમ બન્યું એનો વિચાર કરવા પહેલાં જ વસ્તુસ્થિતિ તેના હાથ ઉપર તાલી આપી અન્ય માર્ગે દોડી જાય છે. વર્ધમાનકુમારના વિષયમાં પણ બન્યું એમ જ.

વર્ધમાન કુમાર સામાન્ય આત્મામાંથી મહાન્ આત્મા અને પરમાત્મા થવાના હતા. એક નાના તારલામાંથી મહાન્ દીપ્તિમાન સૂર્ય થવાના હતા. સામાન્ય રાજવીમાંથી જગતના રાજવી થવાના હતા. જગતમાં પથરાએલ ઘોર અજ્ઞાન અંધકાર મટાડી ત્યાં જ્ઞાનનો પ્રકાશ પાથરવાનું બીડું તેમણે ઝડપેલું હતું. જૂના થતા ધર્મવિચારો ઉપરના જાળાઝાંખરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમને કાઢી નાંખવાના હતા. જગતમાં વ્યાપી રહેલ જડતા, અહંમન્યતા તેમને દૂર કરવાના હતા. એક જ પ્રદેશમાં રહી ત્યાં જ જન્મારો પૂરો કરવાનો ન હતો. પણ તેમને પોતાનો સંબંધ આખા જગતના જીવો સાથે બાંધી બધાઓની કરુણા કેળવવાનો હતો. બધા જીવો ઉપર કરુણાનો વરસાદ વરસાવીને પણ નિર્વિકારતા કેળવવાનો હતો. એવા મહાન્ જગતના તારક અદ્દભુત ગુણભંડાર મહાન્ આત્મા કાંઈ બાંધવોના મોહમાં ફસાઇ એક ખાબોચિયામાં પોતાનું જીવન ગાળે એ અસંભવિત હતું. નંદિવર્ધન જેવા આત્મસજ્જનોની મોહગર્ભિત વિનવણીઓનું પર્યવસાન નિર્માલ્ય ચૂકેલું હતું. તેમનો એ પ્રયત્ન એક સિંહને ઘાસના ઝીણા દોરડાથી બાંધી રાખવા જેવો હતો. ધૂમાડાને હાથમાં પકડી રાખવા જેવો હતો. ગંગાનદીના ઉદ્ધત પૂરને પોતાના એકલા હાથે રોકી રાખવા જેવો હતો. તેઓ તો શાબ્દિક બંધનમાં નામ માત્ર રહેવાના હતા. તેમણે પોતાના સંસારજનિત બંધનો ક્યારના ફગાવી દીધેલા હતા. તેઓ ભાવસાધુ તો ક્યારના થઇ ચૂકેલા હતા. તેઓનો સંસારી વેષ એક નામ માત્ર હતો. એક બાલકને મનાવવા માટે વડીલ મનુષ્યો જેમ બાલોચિત કૃતિ કરે એવી એમની કૃતિ હતી. એમને સંસારજનિત કોઇ પણ કૃતિ કે વસ્તુ ઉપર રાગ રહ્યો જ ન હતો. બધી કૃતિઓ શૂન્ય ભાવે યંત્રની પેઠે ચાલતી હતી. ન મળે તેમાં રસ કે ન રહે તેમાં આનંદ. એમનો આનંદ તો બીજે જ ઉભરાઈ રહેલો હતો. આત્મચિંતનમાં અને દરેક ઘટનાના કાર્યકારણભાવના ઉકેલમાં આખો દિવસ તેમનું ધ્યાન પરોવાએલું જ રહેતું હતું. વ્હાલા માણસોના પ્રિય અને મધુર ભાષણો તેમને સંભળાતા જ ન હતા. નાદમનોહર સુંદર શ્રુતિપ્રિય ગાયનો, હાસ્ય, વિનોદ કે કુતુહલ તેમના માટે નિરુપયોગી જ નિવડેલા હતા. જેનું મન જ આત્મચિંતનમાં રમમાણ થએલું હોય, જેની લગની જ ઈંદ્રિયોને જીતવા તરફ લાગેલી હોય તેને એ મોહવિલસિત ચંચલતા શું કરવાની હતી? કામ, ક્રોધ, ભય, મોહ, વિકારો એમની આગળ બધા નિર્વીર્ય થઇ ચૂકેલા હતા. તેઓ તો દિવસો ગણી રહેલા હતા. એ સંસાર તેમને અંગાર જેવો લાગતો હતો. તે આગમાંથી છૂટવા માટે તેમનો આત્મા અત્યંત આતુર બની ગએલો હતો. નિર્વિકાર શાંતિ તરફ તેમનો આત્મા મીટ માંડી બેઠેલો હતો. ક્યારે એમાંથી હું છૂટો થઇ એકલો સિંહની પેઠે નિરંકુશ થઈ આત્મસાધના કરું. પ્રવજ્યા જેવું બખ્તર પહેરી લઉં કે કોઇ ઉપદ્રવ આવે જ નહી. એવા અત્યંત વીરતાના ભાવો તેમના મનમાં સ્ફુરી રહેલા હતા.

જોતજોતામાં એક સંવત્સર વ્યતીત થઇ ગયું. નંદિવર્ધન નૃપતિએ જોઇ લીધું કે આ તો ઘરમાં સંત બની બેઠેલા છે. એમને નથી ખાવામાં રસ કે નથી વસ્ત્રાભૂષણમાં આનંદ, કોઇ સાથે આનંદથી પ્રેમના વાર્તાલાપ કરતા નથી કે હાસ્ય વિનોદ કરતા નથી. એવા એક સંતપુરુષને ઘરમાં ગોંધી રાખવા એ તેમની સાધનામાં વિઘ્ન નાખવા જેવું છે. એમને તો એમનો માર્ગ ખુલ્લો કરી દેવો જ ઉચિત છે. એમ વિચાર કરી વર્ધમાનકુમાર પાસે આવી નંદિવર્ધન નૃપતિએ જણાવી દીધું કે–બંધુ! તમારી કસોટી થઇ ચૂકી છે. હવે તો તમે તમારે માર્ગે જ જાઓ એ ઉચિત છે. તમો બંધનમાં રહો એ આશા કેવળ વ્યર્થ થઇ છે. તમારી પ્રવજ્યાની તૈયારી હવે કરવાની છે. હું તમારા માર્ગે આવું એ મારા માટે અશક્ય છે. હું પામર છું, સંસારી છું. આપ મુક્તાત્મા છો. મારા માટે ઉચિત એવું પ્રવજ્યાની તૈયારીનું કાર્ય મને બતાવો. હું તે કરવા તત્પર થાઉં.

વર્ધમાને અનાદિ કાળના બંધનો હાથથી ક્ષણવારમાં તોડી નાખ્યા. જન્મ, જરા, મરણથી છૂટવાનો રાહ લીધો. ફરી જન્મ ન આવે, મૃત્યુ પણ ન આવે એવી અખંડ અને અપૂર્વ યોજના હાથ ધરી. જન્મ મૃત્યુની એ પેઢી સંકેલી લેવાનો સંકલ્પ કર્યો. અનેક જીવો સાથે મિષ્ટ તેમજ કટુ સંબંધો બાંધેલા તેમને જાણે આમંત્રણ આપી દીધું. પોતપોતાની લેણદેણ ચૂકવી દેવાનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું. અને એ મહાત્માએ નિવૃત્તિ મેળવી અગાધ પરાક્રમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફેરવવાનો નિશ્ચય કર્યો. લાખો નહીં પણ કરોડો માનવો ઉપર વર્ધમાન કુમારે જાદુઈ અસર પહોંચાડી. હજારો પ્રવચનો જે અસર પહોંચાડી ન શકયા હોત તે એમના સંકલ્પે ક્ષણવારમાં પહોંચાડી. વૈરાગ્યના રંગે અનેક આત્મા રંગાઈ ગયા. એમનો માર્ગ પ્રત્યક્ષપણે બીજો કોઈ લઈ ન શકયો. એકલા સિંહની પેઠે પ્રવ્રજ્યા લેવા તેઓ તૈયાર થઈ ગયા.

અનુક્રમે સંકલ્પના દિવસો પૂર્ણ થયા. યોગ્ય અવસરે વર્ધમાન કુમાર એ સંસારનો રાહ છોડી દીક્ષા લેવા તૈયાર થઈ ગયા. કુંડગ્રામની જનતા જાણે ગાંડીઘેલી બની ગઈ. આસપાસના ગામોમાંથી હજારો સ્ત્રીપુરુષ વર્ધમાન કુમારનો દીક્ષા મહોત્સવ જોવા આવી ગયા. અત્યંત મોટા સમારોહ સાથે પ્રભુની દીક્ષાનો વરઘોડો નિકળ્યો. ગીત વાજીંત્ર સાથે વરઘોડો ચાલ્યો. જનતાએ પુષ્પનો વર્ષાવ કર્યો. જય જયના સૂત્રો ઉચ્ચાર્યા. નગર બહાર જતા વૃક્ષો પણ નમી જાણે એ મહાપુરૂષને વંદન કરતા હતા. શિબિકા નીચે મુકાઈ. પ્રભુએ પોતાના હાથે બધા મહામૂલાં વસ્ત્રો અને અલંકારો ઉતારી મૂકયાં. 'નમો સિદ્ધાણું' કહી પોતાના હાથે કેશલુંચન કર્યું અને વીરહુંકાર કરી એકાકી નિકળી પડ્યા. જોતજોતામાં પ્રભુ વન ભણી આગળ વધ્યા. નંદિવર્ધન સહિત બધા અવાક્ બની ગયા. દુઃખી અંતઃકરણે પાછા ફર્યા!

ધન્ય છે એ મહાત્માને જેનું નામ સ્મરણ કરતા પણ શરીર નમી પડે છે. અનંત વંદન હો એ પ્રભુને! એ મહાન્ વિભૂતિના જન્મકલ્યાણકના પવિત્ર દિવસે તે શ્રમણશ્રેષ્ઠ વર્ધમાન્ સ્વામી-વીર નહી પણ મહાવીર પ્રભુનું નામ સ્મરણ કરી તેમના ગુણ-કીર્તન સાથે તેમને નમીએ, પૂજીએ અને પોતાના જન્મને સફળ કરીએ એ આપણું કર્તવ્ય છે. એ કર્તવ્ય આપણા બધાના હાથે યથાશક્તિ પાર પડો, એ જ અભ્યર્થના!

## જ્ઞાની અને ધૂની

બોલનાર અભણ હોય તો એનો અર્થ નથી સમજાતો તેમ બોલનાર અતિ ભણેલો હોય તો એનો મર્મ નથી સમજાતો; કારણ અભણ પોતે શું બોલે છે એ નિશ્ચિત રીતે પોતે જ સમજતો નથી, જ્યારે અતિ ભણેલો પોતાનું બોલવું સભા સમજે છે કે નહિ એ નથી સમજી શકતો—આ જ કારણે દુનિયા ઘણીવાર ભણેલાને મૂર્ખ પણ કહે છે, ને મૂર્ખને તત્ત્વચિન્તક-ધૂની પણ કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અંધ-હસ્તિ-ન્યાયનું જૈન અને બૌદ્ધ-દ્રષ્ટિએ નિરૂપણ

( લેખક:—પ્રોફેસર જયંતીલાલ ભાઇશંકર દવે એમ. એ. )

આપણા સંસ્કૃત સાહિત્યમાં ઉપમાયુક્ત દૃષ્ટાંતો અથવા કહેવતોને 'ન્યાય' શબ્દથી ઓળખવામાં આવે છે. જેમકે કોઈ ઘટના અથવા બનાવ એકાએક અકસ્માત્ રૂપે થયો હોય તો આપણે કાકતાલીયન્યાયે તે બનાવ બન્યો એમ કહીએ છીએ. કાગડાનું બેસવું અને તાડનું પડવું એમાં વૈજ્ઞાનિક કાર્યકારણનો સંબંધ નથી. એ કેવળ આકસ્મિક ઘટના છે. આવા તો અનેક 'ન્યાયો' સાહિત્યમાં પ્રચલિત છે. હું ધારું છું કે ચાલીસ પચાસ ન્યાયો તો પ્રચલિત થઈ ચૂકેલા છે. આવા બીજા બે ન્યાયોનો ઉલ્લેખ કરીને પ્રસ્તુત વિષય પર આવીશું. એક તો છે દેહલીદીપક ન્યાય. ઉંબરા પર દીવો મૂકયો હોય તો બન્ને બાજુએ આવેલા ઓરડામાં અજવાળું આવે. ટૂંકામાં બન્ને પક્ષે ઉપયોગી વાતનું આ ઉદાહરણ લે છે. અને છેલ્લે ઘુણાક્ષરન્યાય. લાકડામાં જીવાત પડે ત્યારે અંદર કાણાં પડે છે. ઘણી વાર તો કોઈ વિચિત્ર કોતરકામ જેવું બની જાય છે અથવા અક્ષરો જાણે કોતર્યા હોય એવું લાગે છે. ટૂંકામાં એક કાર્ય કરતાં બીજું અણધાર્યું બની જાય તેનું આ ઉદાહરણ છે. હવે આપણે આંધળા અને હાથીનું દૃષ્ટાંત લઈએ.

જેમ ઇસુખ્રીસ્ત ધર્મોપદેશ કરતી વખતે રૂપકોનો અને વાર્તા( parable )નો ઉપયોગ વારંવાર કરતા તેમ તેના પુરોગામી ભગવાન બુદ્ધ પણ સુવાર્તા અને રૂપકો દ્વારા ધર્મોપદેશ આપતા. આવો એક ઉપદેશ બૌદ્ધ ધાર્મિક સાહિત્યના તિત્થિયસુત્ત–ઉદાન વગ્ગ ૬ માં સંગ્રહાયેલો જોવામાં આવે છે. કથાનક નીચે પ્રમાણે છે:—

એક વખત શ્રાવસ્તીમાં જુદા જુદા સંપ્રદાયોના શ્રમણો અને બ્રાહ્મણો એકત્ર થઈ પોતપોતાના મંતવ્યો માટે ખૂબ ખેંચતાણ કરીને લડી પડતા હતા. કોઇ કહેતો કે, આત્મા નિત્ય છે; ત્યારે બીજો તેને એમ કહેતો કે આત્મા અનિત્ય છે. કોઇ કહેતો કે–જગત નાશવાન છે ત્યારે બીજો તેને એમ કહેતો કે જગતનો નાશ થતો જ નથી.

તેમનો આ કજીઓ કેટલાક બૌદ્ધ ભિક્ષુઓએ સાંભળ્યો અને જેતવનમાં આવી બુદ્ધને એના સમાચાર આપ્યા.

બુદ્ધ ભગવાન બોલ્યા: "હે ભિક્ષુઓ, બહુ જૂના સમયમાં આ શ્રાવસ્તી નગરીમાં એક રાજા થઇ ગયો. તેણે પોતાની નગરીમાંના તમામ જન્માંધ લોકોને ભેગા કર્યા, અને તેમને હાથી બતાવવા માટે હુકમ કર્યો. આ જન્માંધોની વચમાં હાથી લાવવામાં આવ્યો. જે આંધળાને જે અવયવ હાથમાં આવ્યો તે પ્રમાણે હાથી હશે એમ તે આંધળો સમજવા લાગ્યો.

બધા આંધળાઓએ હાથીનો સ્પર્શ કરી લીધો એટલે રાજાએ પૂછયું: "કેમ પ્રજ્ઞાચક્ષુઓ! તમે હાથી જોયો કે?"

બધા જન્માંધોએ એકી સાથે ઉત્તર આપ્યો: "હા, મહારાજ" રાજાએ પૂછયું: "હે પ્રજ્ઞાચક્ષુઓ! હાથીનો આકાર કેવો છે તે જરા કહેશો?" જે આંધળાએ કેવળ હાથીનું ડોકું પકડીને જોયું હતું તે આંધળો આગળ આવ્યો અને બોલ્યો, "મહારાજ! હાથી કેવો છે એ જ તમારે સાંભળવું છે ને? પાણીનો ઘડો જ જોઇ લ્યો, મહારાજ!" એટલામાં બીજો આંધળો કે જેના હાથમાં કાન આવ્યો હતો તે આગળ ધસી આવ્યો અને બોલ્યો, "મહારાજ! તે જુઠ્ઠો છે! હાથી તો સૂપડા જેવો છે." ત્યારે બીજા આંધળાઓ જે જરા દૂર ઊભા હતા તે ધસી આવ્યા અને બોલવા લાગ્યા 'મહારાજ, તેમનું કહેવું અર્થ રહિત છે! તેઓ ગમે તેમ બકે છે! ખરૂં પૂછો તો હાથી થાંભલા જેવો અથવા ઝાડના થડ જેવો જ છે!"

આ પ્રમાણે આંધળાઓ અને હાથીનું દૃષ્ટાંત આપીને બુધ્ધે સમજાવ્યું કે–જેમ હાથીનું સર્વાંગી સ્વરૂપ અમુક એક નિશ્ચયવાળું હોવા છતાં અધૂરી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમજણથી દરેક આંધળો તેનું ભિન્ન ભિન્ન પ્રકારનું વર્ણન આપી આપસમાં લડવા લાગ્યો અને એકમેક પર મૂઠીના પ્રહાર કરવા લાગ્યો તેમ આ શ્રમણ બ્રાહ્મણો સત્યધર્મનું યથાર્થ જ્ઞાન ન હોવાથી મારો જ ધર્મ ખરો, તમારો ખોટો એમ કહી ઝઘડો કરી રહ્યા છે!

જીવનના વ્યવહારમાં તો આવું હમેશાં બને છે પણ ખાસ કરીને ધાર્મિક અને દાર્શનિક વિષયોમાં શબ્દયુદ્ધો વધારે થાય છે. ઘણા વરસો પહેલાં જ્યારે અમેરિકામાં વિશ્વધર્મ પરિષદ્ ભરાઇ હતી ત્યારે આપણા ભારતના પ્રતિનિધિઓ પૈકી સ્વામી-વિવેકાનંદ અને વીરચંદ ગાંધી ત્યાં ગયા હતા અને જ્યારે પરિષદમાં ખ્રીસ્તી, પાદરીઓનો એવો દાવો સાંભળ્યો કે-ઇસુખ્રીસ્ત જ એક માત્ર માનવજાતનો ઉદ્ધારક અને તારક ( Savior ) છે ત્યારે તેમને આંધળાઓ અને હાથી યાદ આવ્યા હશે. મુસલમાનો પણ ખ્રીસ્તીઓની પેઠે એવું સમજે છે કે તેમના પેગંબર જ સર્વશ્રેષ્ઠ અને સર્વજ્ઞ છે. તેનાથી મોટો બીજો કોઇ પેગંબર થયો નથી અને થશે પણ નહિ! આ બધું એકાંતદૃષ્ટિનું ફળ છે. સ્પષ્ટ શબ્દોમાં, અજ્ઞાનજન્ય દુરાગ્રહ છે. તેમાંથી જ મતાંધતા જન્મે છે.

હવે આપણે જૈન દૃષ્ટિએ તેનો વિચાર કરીએ.

કોઇ પણ વસ્તુનું સાચું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો તેના ચોક્કસ સ્વરૂપને સમજવું જોઇએ. દરેક વસ્તુના ગુણ ધર્મો અને સ્વભાવો લગભગ અસંખ્ય અથવા અનંત છે એમ કહીએ તો ચાલે. જે જ્ઞાનમાં વસ્તુના તમામ ગુણધર્મોનું નિરૂપણ ન હોય તે અધૂરું જ કહેવાય. આવું અધૂરું જ્ઞાન નયાપેક્ષ અથવા અમુક નય પ્રમાણે હોય છે. સિદ્ધસેન દિવાકર 'ન્યાયાવતાર'માં નયની સમજણ આપતાં કહે છે, કે, '**एकदेशविशिष्टोऽर्थो नयस्य विषयो मतः।**' (**न्या. २९**).

અર્થાત્ વસ્તુનું એકદેશીય જ્ઞાન કોઈ એક નય દ્વારા થાય છે. આંધળાઓ અને હાથીના દૃષ્ટાંતને પણ આપણે નયવાદના સિદ્ધાંતથી વધારે સારી રીતે સમજી શકીશું. નય એટલે એક પ્રકારનું દૃષ્ટિબિંદુ. મુખ્ય નયો સાત છે. તે પૈકી વ્યવહાર નયના દૃષ્ટાંત તરીકે આપણે-આંધળા અને હાથીનું દૃષ્ટાંત સમજીએ. વ્યવહાર નય એટલે શું? વ્યવહાર નયમાં વસ્તુની કોઇ ખાસ વિશેષતા તરફ આપણું ધ્યાન ખેંચાય છે તે એટલી હદ સુધી કે વસ્તુના ગુણધર્મો તદ્દન ભૂલી જવાય છે. દાખલા તરીકે ભમરો કાળો છે એમ આપણે કહીએ છીએ પણ સૂક્ષ્મ રીતે જોનારાઓ એ કહે છે કે ભમરામાં પાંચ રંગના છાંટણાં જોવામાં આવે છે, તેથી ભમરો કાળો છે એ પૂર્ણ સત્ય નથી. એવી જ રીતે દરેક વાદી કહે કે 'મારો મત સાચો છે' તો તેના જવાબમાં આપણે કહી શકીએ કે 'ભાઇ! તારો મત એકાંતદૃષ્ટિ પર રચાયેલો છે. તું સર્વાંગીણદૃષ્ટિથી જોઇશ ત્યારે તું જ તારો પૂર્વગ્રહ છોડી દઇશ!'

જે દર્શનશાસ્ત્રના પાયામાં અનેકાંતદૃષ્ટિ છે તે જ પૂર્ણ સત્ય તરફ લઇ જઇ શકે. એકાંતદૃષ્ટિવાળાં જૈનેતર દર્શનોની સમીક્ષા કરતો એક શ્લોક ટાંકીને આ લેખ પૂરો કરું છું. તે શ્લોક આ પ્રમાણે છેઃ—

**बौद्धानामृजुसूत्रतो मतमभूद्वेदांतिनां संग्रहात्**
**सांख्यानां तत एव नैगमनयाद्**
**योगश्च वैशेषिकः।**
**शब्दब्रह्मविदोऽपि शब्दनयतः सर्वैर्नयैर्गुंफिता**
**जैनीदृष्टिरितीह सारतरता प्रत्यक्षमुद्वीक्ष्यते॥**

અર્થાત્ બૌદ્ધદર્શન ઋજુસૂત્રનયનું ઉદાહરણ છે. સાંખ્ય અને વેદાંત સંગ્રહનયનાં દૃષ્ટાંતો છે. યોગ અને ન્યાય-વૈશેષિક નૈગમનયનાં ઉદાહરણો છે, શબ્દ-બ્રહ્મવાદીઓ એટલે વ્યાકરણવાદીઓ શબ્દનયને પકડીને બેસી રહે છે. સર્વનયોથી અલંકૃત દર્શન તો જૈન દર્શન જ છે અને એ જ સારભૂત છે. અંધહસ્તિ-રૂપકની આ છે ફલશ્રુતિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વીરની સાથે થોડી કડવી મીઠી

ન. અ. કપાસી

અવની ઉપર અજવાળાં પાથરનાર, ઓ વીર, આજે તારા જન્મદિનના સુપ્રભાતે અવની હસી રહી છે. તેં પાથરેલી દિવ્ય પ્રભાને નીરખવા પ્રભાકર ધીમા પગલે આવી રહ્યો છે. વિકસતી કુસુમ કળીઓને નૃત્ય કરાવીને એની પરાગ લૂંટતો અનિલ આકાશને મઘમઘાવી રહ્યો છે. રજનીની મીઠી ગોદ મૂકીને રજનીરાજ, તારા ઓવારણાં લેવા ટમટમતા તારાગણને સાથે લઈને તારી પાસે આવી રહ્યો છે. 'મારો શશી વીરની ભક્તિથી પુનિત બનીને હમણાં જ પાછો વળશે.' એ સુભગ આશામાં રમતી નિશા શશીના આગમન સમયે સંતાકૂકડી રમવા અત્યારથી જ સંતાઈ ગઈ છે.

આનંદમંગળના આ અવસરે, ઓ વીર, મારા હૈયાના તને કોટિકોટિ વંદન ! અનેકોને અમરત્વ અર્પનાર તું સદા અમર રહો !

ભાવભીની તારી પુત્રીઓ આજે તારા મંદિરદ્વાર પર આવી ઊભી છે. ભક્તિભર્યાં તારા પુત્રો તારા ચરણોમાં ભેટવા તલસી રહ્યા છે. ટોળાંનાં ટોળાંઓ તારું દર્શન કરવા મથી રહ્યા છે. વીર, તું પ્રગટ થા; ભક્તોની ભક્તિને ઝીલ.

આજે તેં અંતિમ જન્મ લીધો અને વિશ્વના અંધારપટ ઉપર દિવ્ય પ્રકાશ પ્રગટ્યો. એ સુખદ ક્ષણે સમગ્ર જીવરાશિએ અનેરો આનંદ અનુભવ્યો. દિક્કુમારીઓ અને દેવોએ તારો જન્મોત્સવ ઊજવી મેરુપર્વતને જલજલાકાર બનાવ્યો. પિતા સિદ્ધાર્થ અને માતા ત્રિશલાના આનંદની અવધિ ન રહી.

આત્મશ્રેયને તેં જીવનનું સર્વસ્વ ગણ્યું. ઉપસર્ગો અને પરિષહોની પરવા કર્યા વિના સાધનામાં તું સતત લીન રહ્યો. આત્માનું અનેરું ઓજસ્ તેં પ્રગટાવ્યું અને દેવોનો તું દેવ બન્યો. ત્રણ લોકની ઋદ્ધિ તારે ચરણે આવીને પડી પણ તેં તેની સામે ન જોયું. તેં તો જગત ઉપર ઉપકાર કરવાનું એક જ કાર્ય આરંભ્યું. સનાતન સત્યોનું તેં જગતને દર્શન કરાવ્યું. ભૌતિક સુખની પાછળ ભટકતા જગતને સાચા સુખની તેં ઓળખ આપી. સંયોગમાં દુઃખ છે અને વિયોગમાં સુખ છે એ સમજ તેં આપી. યુગોના યુગોમાં જે કાર્ય ન થાય તે કાર્ય તેં બહોંતેર વર્ષની ટૂંકી વયમાં સાધ્યું. મુક્તિનો મહામૂલો માર્ગ તેં જગતને આપ્યો.

એકવીશ એકવીશ હજાર વર્ષ સુધી તારા સ્થાપેલ માર્ગે જગત ચાલશે અને તારા બતાવેલા સત્યોને અનુસરશે. તારા ઉપકારને સંભારી સંભારીને તારી પ્રશસ્તિનું પિયૂષપાન એ કરશે. ભવવનદવથી દાઝેલા આત્માઓ તારા માર્ગની શીળી છાંયડીમાં વિશ્રાંતિ અનુભવશે.

૨૪૮૧ વર્ષ તો વહી ગયા. એ ગાળામાં કેટલાય માનવો તારા પથનો આશ્રય લઈને મહાત્મા બન્યા. શ્રી જંબૂસ્વામી અને શ્રી ભદ્રબાહુસ્વામી, શ્રી વજ્રસ્વામી અને શ્રી સ્થૂલીભદ્રજી, શ્રી આર્યમહાગિરિ અને શ્રી આર્યરક્ષિતજી, શ્રી ઉમાસ્વાતિજી અને શ્રી દેવર્દ્ધિ ગણિ, શ્રી હરિભદ્રસૂરિ અને શ્રી હેમચંદ્રસૂરિ, શ્રી હીરસૂરિ અને ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી આદિ અનેક મુનિપુંગવોના શુભનામ જૈન બાળકની જીભને ટેરવે રમી રહ્યા છે. શ્રેણિક અને સંપ્રતિ, ઉદયન અને કુમારપાળ, વસ્તુપાળ અને તેજપાળ, પેથડશા અને જગડુશા, વિમળશા અને ભામાશા આદિ અનેક મહાપુરુષોની સ્મૃતિ હજુએ જૈન હૈયાંઓને થનગનાવી રહી છે. સુલસા અને રેવતી, ચંદનબાલા અને ચેલણા, પ્રભાવતી અને પદ્માવતી, મૃગાવતી અને પુષ્પચૂલા, હજીયે કેટલાય માનવોની રસનાને પાવન કરી રહી છે.

આજના કપરા કાળમાં પણ તારી ભવ્યતાની ઝાંખી અશક્ય નથી. જૈન હૈયું જીવંત છે અને જીવંત રહેશે. વિકટ વિપદો વચ્ચે પણ તારી વીરતાની સ્મૃતિ એને ટકાવી રહી છે અને રાખશે. ઝંઝાવાતો ભલે વાય, આપત્તિના પહાડો ભલે પટકાય, તોફાનના વમળો ભલે આવે, પણ વીરપુત્ર કાયર નહિ જ બને. પારાવાર કષ્ટો અને મૂંઝવણો વેઠીને પણ, તારો પુત્ર,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેં પ્રગટાવેલી ચિનગારીને સળગતી રાખશે. તારી વીરતાનું વિશ્વના ખૂણે ખૂણે એ દર્શન કરાવશે. તારા બતાવેલા અણમોલ સત્યો, જગતની સમગ્ર વસ્તુ કરતાં વિશેષ કિંમતી છે, એનું જગતને ભાન કરાવશે. સત્યની ઉપાસનામાં પરિષહો અને ઉપસર્ગોને એ વધાવી લેશે.

તેં પ્રરૂપેલા સત્યનું જગતને દર્શન કરાવવા તારો ભક્ત, હેલીકોપ્ટરના આ યુગમાં, પગપાળા ધરતીને ખૂંદી વળે છે. કૂદકે અને ભૂસકે પરિવર્તન પામતા આ યુગમાં તારા સિદ્ધાંતોની ત્રિકાલાબાધિતતાનું જગતને એ ભાન કરાવે છે. વિલાસ અને સુખમાં સબડતા આ યુગમાં દૈવી વૈભવોને એ તરછોડે છે અને આત્મિક વૈભવની વિશ્વને ઝાંખી કરાવે છે. ચરણે આળોટતા અનુપમ સૌંદર્ય સામે એ આંખ મીંચે છે અને બ્રહ્મતેજનું સૌંદર્ય પ્રાપ્ત કરવા દેહને નિચોવી નાંખે છે. લઘુવયથી જ એ તારા ચરણે જીવન સમર્પિત કરે છે અને કૈંક જીવોને આશ્ચર્યમુગ્ધ કરે છે. ચાંલ્લો કરવા આવતી ચપળ લક્ષ્મીને એ પાછી વાળે છે અને સનાતન શ્રીને વરવાને દોડી જાય છે.

તારા અનેક પુત્રો આજે પણ તારી સાધનામાં અહોરાત લયલીન છે. જ્ઞાન, ધ્યાન અને ઉપાસનામાં વર્ષોના વર્ષો તેઓ વિતાવે છે. કષ્ટોને વેઠે છે અને આપદાઓને આવકારે છે. આત્મહિત એ જ એમનું રટન છે. મહિનાઓ સુધી આહારને અડકયા વિના તારા ઘોર તપની તેઓ ઉપાસના કરે છે. જ્ઞાનનું ગુંજન અને રટન અહોરાત કરીને તારી સર્વજ્ઞતાની તેઓ સેવા કરે છે. આત્મિક શ્રેય માટે દેહને સતત શ્રમ આપીને તેઓ સાચા શ્રમણ બને છે.

ભક્તજન એની બધીયે સામગ્રી તારે ચરણે ધરે છે. સનાતન સિદ્ધાંતોના પ્રચારમાં એ એનું ધન વેરે છે. માનવી એના નિર્મળ મનમંદિરમાં તારી સ્થાપના કરે એ શુભ મનોકામનાથી તારી ભવ્ય પ્રતિમાઓ એ રચે છે. તારી સર્વશ્રેષ્ઠતાનું દર્શન કરાવવા ભવ્ય મંદિરો એ સર્જાવે છે. તારા પુત્રોની ભક્તિમાં એના ધનનો ઉપયોગ કરીને, એક જ પિતાના પુત્રો પ્રત્યેનું સહોદર તરીકેનું ઋણ ફિટાવવા તે મથે છે. અહિંસાને એ અપનાવે છે અને એની સાધનામાં જીવન હોડમાં મૂકતાં એને સંકોચ થતો નથી. અમાપ ગતિએ વધતી જતી હિંસાને નિહાળીને એનું દિલ દ્રવી જાય છે. એ વેગને અટકાવવા માટે અહિંસામાં રહેલી વીરતાનો વિશ્વને એ પરિચય આપે છે. સંપૂર્ણ અહિંસક એવા તને વિશ્વ હૈયે વસાવશે ત્યારે સ્વર્ગ અહીં ઊતરશે એનું એ ભાન કરાવે છે.

તારા પ્રત્યે ભક્તિ છે, તારા સિદ્ધાંતો પ્રત્યે પ્રેમ છે, તારા પથ પર પગલાં માંડવાની વૃત્તિ છે પરંતુ હજી કચાશ ઘણી છે. અનેક ક્ષતિઓ અમારામાં ભરી પડી છે. અક્ષમ્ય ભૂલો અમે કરીએ છીએ અને સેવાને નામે તારી કુસેવા કરી બેસીએ છીએ.

ગર્ભમાં જ માતપિતાની ભક્તિ કરનાર ભગવાનના સેવકો અમે માતાપિતાનો અનાદર કરીએ છીએ. અલ્પજ્ઞ ઉપાધ્યાય પ્રત્યેનું ઔચિત્ય સાચવનારના સેવકો અમે ગુરુદેવોની મશ્કરી કરતાં સંકોચ અનુભવતાં નથી. મેરુપર્વત ચલિત કરીને શંકિત મનના સૌધર્મેન્દ્રને સ્વશક્તિનો પરિચય આપનાર વીરના પુત્રો અમે તારી વીરતા વિષે શંકાઓ સેવીએ છીએ. ઇર્ષ્યાળુ દેવોનું દમન કરીને 'મહાવીર'નું બિરુદ પ્રાપ્ત કરનારના અનુયાયીઓ અમે અમારી કાયરતા ખંખેરી શકતા નથી. સતત એક વર્ષ પર્યંત ઇચ્છિત દાન આપીને દાનધર્મની મહત્તા દર્શાવનારના પૂજકો અમે શ્રી લક્ષ્મીજીને ગોદરેજની લોખંડી દિવાલોમાં જકડી રાખીએ છીએ. પરિધાન કરવા માટે રહેલા એક માત્ર વસ્ત્રમાંથી અર્ધું ફાડી આપીને યાચકની ઇચ્છાને તૃપ્ત કરનાર તે અમારા દેવ છે એ અમે ભૂલી જઇએ છીએ. પરહિતની તત્પરતામાં કષ્ટો વેઠીને અનાર્યદેશમાં વિહરનાર અમારા દેવ છે એ ભૂલીને સુખદ વિહારમાં પણ અમે કાયરતા અનુભવીએ છીએ. વિકટ વનમાં વિહરીને ચંડકૌશિકના તીવ્ર દંશને આવકારનાર તારી વીરતાની ઝાંખી અમને અલભ્ય છે. વિષદંશના બદલામાં નિજદેહના દૂધનું પાન કરાવીને બોધિબીજ આપનારની ઉદારતાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંશ પણ અમારામાં નથી. અધૂરાં જ્ઞાનના આડંબરમાંથી ઊંચા નહિં આવતા અમે સંપૂર્ણ જ્ઞાનપ્રાપ્તિ સુધીનું તારું મૌન સમજી શકતા નથી. સ્વાર્થસાધનામાં નિર્દોષ માનવીઓના કરુણ અવદશા કરતી વેળા, અતિશય અપરાધી સંગમ પ્રત્યે તેં વહાવેલી કરુણા સ્મૃતિ પણ અમને થઇ નથી. જીવ માત્ર પ્રત્યેની અમી દૃષ્ટિમાંથી ઉદ્ભવેલી સકલ જગતને જૈન બનાવવાની પિપાસાની અમે પ્રશંસા પુષ્કળ કરીએ છીએ, પરંતુ એક વેળાનું વિરાટ જૈન જગત્ આજે અતિશય નાનું બની ગયું છે એવું અમારા હૈયે દર્દ નથી. તારા પુત્રો પ્રત્યેનો જોઇતો સહોદર ભાવ અમારા દિલમાં નથી. એમના પ્રત્યે જોઇતી અમી દૃષ્ટિ અમારામાં નથી આવી. એમના દુઃખે દુઃખી અને એમના સુખે સુખી થવા જેટલી ઉત્તમતા અમે નથી કેળવી, એમની ભક્તિ એ તારી જ ભક્તિ છે અને એમની આશાતના એ તારી જ આશાતના છે એ સમજ અમને નથી થઇ. માંહોમાંહે લડીયે, છીએ અને તારા નામને લજવીએ છીએ.

તારા પ્રત્યે જોઇતી વફાદારીમાં પણ ખૂબ ખામી છે. તું અમને પ્રિય છે એમ જગતને જણાવીએ છીએ, પણ તારી પ્રતિકૃતિ અમને આકર્ષતી નથી. તારા મંદિરમાં અમારું દિલ ઠરતું નથી. તારી ભવ્ય પ્રતિમા નીરખીને આંખ ત્યાં સ્થિર થવાને બદલે અન્યત્ર ભટકે છે. તારા સિદ્ધાંતો અમને પ્રાણપ્રિય છે એમ જગતને મનાવવા મથીએ છીએ, પરંતુ તેં પ્રરૂપેલા આગમો પ્રત્યે અનાદર સેવીને નિજમતના ઉન્માદમાં રાચીએ છીએ. તેં વહાવેલા અગાધ જ્ઞાન ઉદધિમાંથી એક બિંદુ લેવાની પણ અમને પુરસદ નથી. તારી સતત ક્રિયાશીલતાને અમે પ્રશંસીએ છીએ, પણ અમારું જીવન નિષ્ક્રિય પસાર કરીએ છીએ. તારી સર્વશ્રેષ્ઠતાની વાતો કરીએ છીએ અને સામાન્ય માનવીની બાહ્ય મહત્તામાં અંજાઇને તારી સાથે એની સરખામણી કરવા મંડી પડીએ છીએ. તારી વીતરાગદશાના ગાણાં ગાઇએ છીએ, પરંતુ વૈભવો અને વિલાસોમાં ગળાડૂબ તણાઇએ છીએ. તારા સંયમને અમે પ્રશંસીએ છીએ, પરંતુ સંયમમાર્ગમાં રુકાવટો ઊભી કરીએ છીએ, સંયમ પથે સંચરવાનો આત્મસંતોષ લઇએ છીએ, પરંતુ જાણ્યેઅજાણ્યે અસંયમને પુષ્ટિ આપ્યા કરીએ છીએ.

વીર ! અમારી આજની અવદશા તું નિહાળે છે, છતાં તને દયા નથી આવતી ? શું તને ભય છે કે અમારા પ્રત્યે લાગણી દર્શાવવાથી તારા અનંત આનંદમાં ક્ષતિ પહોંચશે ? થોડો જ સમય આ અવનિ ઉપર વધુ રહીને ભસ્મગ્રહને પુનિત કરવાની તારા ભક્તજને તને કરેલી વિનંતિને તેં નકારી કાઢી ત્યારથી જ શું અનંત કરુણાનો સાગર સૂકાઇ ગયો છે ? ના, ના, એમ ન હોઇ શકે. મારા વીર અનંત કરુણાના નિધાન છે. આજે કે કાલે પણ સકલ વિશ્વનું શ્રેય મારા વીર જ કરશે.

## સારું તે મારું

જૂનું એટલું સારું ને નવું એટલું ખરાબ—એ વિચાર સંકુચિત વૃત્તિમાંથી જન્મેલો છે; નવું એટલું સારું ને જૂનું એટલું ખરાબ—આ વિચાર છીછરા વાચનમાંથી ઉદ્ભવેલો છે; પરન્તુ વિશાળ વાચન અને ઊંડા ચિંતનમાંથી ઉત્પન્ન થયેલો વિચાર તો એટલો જ હોઇ શકે કે નવા કે જૂનાને મહત્ત્વ આપ્યા વિના એ બેમાં જે **સારું તે મારું**.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જગતવત્સલ ભગવાન મહાવીર

## શ્રી ફુલચંદ હરિચંદ 'મહુવાકર'

ચરમ તીર્થંકર, જગતવત્સલ, અહિંસામૂર્તિ ભગવાન મહાવીરસ્વામીનું જન્મકલ્યાણ ચૈત્ર શુદિ તેરશના દિવસે હોઇને કલ્યાણક ઉત્સવ ગામેગામ, શહેરેશહેર આનંદપૂર્વક ઉજવવો જોઇએ.

ભગવાન મહાવીરસ્વામી આપણા છેલ્લા-૨૪મા તીર્થંકર છે. ભગવાન પાર્શ્વનાથ પછી ભગવાન મહાવીરસ્વામીએ જૈન ધર્મનો ઉદ્યોત કર્યો છે. તેઓશ્રીનું પરમ પવિત્ર જીવન, મહાન્ ત્યાગ, પરિસહો સહન કરવાનું જબ્બર મનોબળ, ગ્રામાનુગ્રામ પાદવિહારો, જગતનાં પ્રાણીમાત્રના કલ્યાણ માટેની અવિરત દેશના, તીર્થસ્થાપના તથા તેમના અહિંસાનો ગગનભેદી સંદેશ એ બધું એવું તો પાવનકારી છે કે તેઓશ્રીના જીવનના એક એક પ્રસંગ, એક એક સિદ્ધાંત, એક એક સંદેશ જગતની તમામ પ્રજાઓ-રાષ્ટ્રો-લોકો, અરે પ્રાણીમાત્ર-જીવમાત્રને મહાકલ્યાણકારી છે.

ભગવાન મહાવીર અલૌકિક પુરુષ હતા. તેઓ રાજકુમાર હતા. રાજમહેલમાં રહેતા. રિદ્ધિ-સિદ્ધિનો પાર નહોતો, પણ યજ્ઞ-યાગાદિની હિંસા, ધર્મમાં વિકૃતિ, સ્ત્રીઓ અને શૂદ્રોની અવગણના, અંધશ્રદ્ધા, આદિથી તેમનો આત્મા બળબળી ઊઠયો. અને આત્મતત્ત્વની શોધની તાલાવેલીથી જગતના તમામ જીવોના કલ્યાણ માટે રાજપાટ, વૈભવવિલાસ, પ્રાણપ્યારી સ્ત્રી અને પુત્રી બધાનો ત્યાગ કરી ચાલી નીકળ્યા. બાર બાર વર્ષ દીર્ઘ તપશ્ચર્યા કરી આત્મતત્ત્વની શોધ કરી દુઃસહ પરિસહો સહન કર્યાં. કેવળજ્ઞાન મેળવ્યું અને જગતના પ્રાણીમાત્ર માટે શાંતિ, કલ્યાણ અને મોક્ષમાર્ગના દર્શક અને દાતા બની મોક્ષે ગયા. એમના જેવા જ્ઞાની, તપસ્વી, દ્રષ્ટા, ક્રાન્તિ અને શાન્તિના સ્થાપક-ચિંતક તેમજ અહિંસા-મૂર્તિ બીજા કોઇ થયા નથી. એમની વિચારની પ્રબળતા, દીર્ઘ તપશ્ચર્યા, સાધુ જીવનના દુઃખો સહન કરવાની શક્તિ, પુરુષાર્થ, માનવજાતિથી દૂર રહેવાની એમની વૃત્તિ અજબ છે. તેમનો કર્મનો સિદ્ધાંત તો એક અણમોલી ભેટ છે. એ મહાન્ વિચારક હતા, એટલું જ નહિ પણ વિચારોમાં એ અગ્રેસર દર્શનકાર હતા. એમના સમયની સર્વ વિદ્યાઓમાં એ પારંગત હતા. પોતાની તપશ્ચર્યાના બળે એ વિદ્યાઓને એમણે રચનાત્મક સ્વરૂપ આપી પૂર્ણ બનાવી હતી અને પ્રબળ સિદ્ધાંત તત્ત્વની અંદર ગોઠવી કાઢી હતી. ભગવાન મહાવીરસ્વામીએ આપણને તત્ત્વવિદ્યા આપી છે. તેમાં સૌ તત્ત્વોને પાંચ દ્રવ્યોમાં ગોઠવી દીધાં છે. વિશ્વ વિદ્યા વિષે તેમણે જગતમાં નવો પ્રકાશ પાથર્યો છે અને વિશ્વના વીસ પ્રદેશો તેમણે દર્શાવ્યા. તેમણે જીવવિદ્યા વિષે દ્રશ્ય-અદ્રશ્ય જીવો, ચોવીસ પ્રકારના જીવો વિગેરેનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ દર્શન કરાવ્યું છે તે તો જગતને નવી દ્રષ્ટિની ભેટ છે. માનસશાસ્ત્રમાં આત્માના ચૈતન્યની જુદી જુદી દશાઓનું વર્ગીકરણ કરી આત્મતત્ત્વનું સુંદર નિરૂપણ દર્શાવ્યું છે. તેમણે ઊંડા મનન-ચિંતનથી જે પૂર્ણ પ્રકાશ મેળવ્યો તે જગતને અને જગતના તમામ જીવોના કલ્યાણ માટે પ્રદર્શિત કર્યો. ભગવાન મહાવીર સાધુ કે તપસ્વી હતા એટલું જ નહિ પણ તે પ્રકૃતિના મહાન્ અભ્યાસી હતા. એમણે વિદ્વત્તાપૂર્ણ નિર્ણયો કરીને સમસ્ત વસ્તુસ્થિતિને પોતાના સમયની સાધુભાવના સાથે સંકલિત કરી છે.

અહિંસાની જગતને મોટામાં મોટી ભેટ ભગવાન મહાવીરે કરી છે, અને તેમાં પણ સૂક્ષ્મ જીવ ક્યાં ક્યાં હોય છે, વનસ્પતિમાં કેટલો જીવ હોય છે, હવામાં તથા પાણીમાં જીવ કેવી રીતે રહે છે, તેનું સંપૂર્ણ જ્ઞાન આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં ભગવાન મહાવીરસ્વામીએ મેળવ્યું અને કોઇ પણ જીવને મારવાનો તો નહિં પણ દુભાવવાનો પણ કોઇને અધિકાર નથી, બધાનો આત્મા એક જ છે, તે સિદ્ધાંત તેઓએ પ્રતિપાદન કર્યો અને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ વ્રતો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગૃહસ્થ અને સાધુ તમામને માટે આપીને જગતને ધર્મદ્રષ્ટિ આત્મદ્રષ્ટિ આપી છે. સંયમ, પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમભાવના, સમભાવ, આત્મકલ્યાણ, તપશ્ચર્યા–પાપનો પશ્ચાત્તાપ અને સહનશીલતા તથા કર્મનો ઉપદેશ આપીને મોક્ષમાર્ગનું દર્શન ભગવાન મહાવીરે આપીને તેઓ સાચા તીર્થંકર–જગતવત્સલ બન્યા છે.

ભગવાન મહાવીરસ્વામીનું જન્મ કલ્યાણક એ જ એક એવો પવિત્ર દિવસ છે. જે જૈનધર્મના ત્યાગ અને તપના બધા પર્વોમાં વિશેષ આનંદદાયક અને બાળકો–સ્ત્રીઓ–વૃદ્ધો–કિશોરો–કુમારો–યુવાનો–મુનિવરો અને સાધ્વીજીઓ બધાને પ્રાણપ્રેરક અને આહ્લાદજનક છે. આ મહોત્સવ વિવિધ કાર્યક્રમોથી યોજવો જોઇએ.

૧ સવારમાં ભગવાન મહાવીરસ્વામીના જન્મ-કલ્યાણકના સુંદર ભાવવાહી કળામય રંગીન ચિત્ર સહિત રથયાત્રામાં આબાલવૃદ્ધે જોડાવું જોઇએ.

૨ જ્યાં રથયાત્રા ઉતરે ત્યાં ભગવાન મહાવીરસ્વામીના કલ્યાણકની સભા યોજી ભગવાનની સ્તુતિ આદિથી તેઓશ્રીના જીવન વિષે વિવેચનો યોજવા જોઇએ.

૩ ભગવાન મહાવીરના જીવન વિષે વક્તૃત્વ હરીફાઇ ગોઠવવી જોઇએ, જેથી બહેનો અને વિદ્યાર્થીઓ ભગવાન મહાવીરના જીવન વિષે અભ્યાસ–પૂર્ણ સુંદર વિવેચન કરતાં શીખે.

૪ બપોરના પૂજા ભણાવવાની વ્યવસ્થા કરી શકાય.

૫ રાત્રિના ભાવના ઉપરાંત સંગીતનો કાર્યક્રમ યોજી શકાય તેમાં પણ ઇનામો આપી શકાય.

૬ ભગવાન મહાવીરના જન્મદિવસે જૈનસમાજ સાહિત્ય–શિક્ષણના ઉત્કર્ષ માટે જૈનસમાજના આગેવાનો–શહેરેશહેરના આગેવાનો વિચારણા કરે, સક્રિય કાર્યની યોજના કરે ને એક વર્ષ તે માટે કાર્ય કરે.

૭ જૈન સાહિત્ય પ્રદર્શન વિ. યોજના કરી શકાય.

૮ વિદ્વાન્ વક્તાનું સંભાષણ યોજી શકાય.

૯ વિદ્વાનો–સાહિત્યકારોનું સંમેલન યોજી શકાય.

૧૦ ભગવાન મહાવીરના જીવન વિષે નિબંધો મેળવી ઇનામી સમારંભ યોજી શકાય.

## સુભાષિત

न जारजातस्य ललाटशृंगम्  
कुलप्रसूतस्य न पाणिपद्मम् ।  
यदा यदा मुञ्चति वाक्यबाणम्  
तदा तदा जातिकुलप्रमाणम् ॥

(ઉપજાતિ)

ન નીચને શૃંગ શિરે અપાણું,  
કુલીનને હાથ ન પદ્મ જાણું;  
જેવા વદાશે મુખથી જ બોલ  
તેવો જ થાશે નિજ જાતિ તોલ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'નયચક્ર'ની નવી હસ્તપ્રત : શ્રુતભક્તિનો અપૂર્વ નમૂનો

રતિલાલ દીપચંદ દેસાઇ

તા. ૧૫-૩-૫૬ના રોજ કામપ્રસંગે પૂ. મુ. શ્રી પુણ્યવિજયજી પાસે ગયેલો ત્યારે એમણે, પૂજ્ય ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે સ્વહસ્તે (બીજા મુનિપુંગવોની સાથે મળીને) લખેલી ત્રણ હસ્તલિખિત પ્રતો મળ્યાનો ભારે હર્ષ જે રીતે વ્યક્ત કર્યો હતો તે વાત એક યાદગાર પ્રસંગ તરીકે મનમાં સંઘરાઇ ગઈ છે.

તેઓએ કહ્યું : આ ત્રણ હસ્તલિખિત પ્રતો મળી તે દિવસે સં. ૨૦૧૨ના મહા વદિ ૮ સોમવારે, મનમાં એવો આનંદ આનંદ થઇ ગયો કે ન પૂછો વાત ! અંતરમાં જાણે આનંદનો આફરો ચડી આવ્યો હતો. એટલે થયું કે ક્યારે પંડિતજીને (સુખલાલજી) આ વાત કરું અને આ શુભ સમાચાર એમને પહોંચાડું ! પંડિતજીને ઉપાધ્યાયજીના જીવન અને મૂલસ્પર્શી બહુશ્રુત પાંડિત્ય ઉપર અપૂર્વ ભાવ છે, અને એમની વિરલ જ્ઞાનોપાસના ઉપર પંડિતજી ખૂબ મુગ્ધ છે. પૂ. પુણ્યવિજયજી મહારાજ આ વાત સારી રીતે જાણે છે, એટલે એમને આ આનંદજનક સમાચાર પંડિતજીને વહેલામાં વહેલી તકે પહોંચાડવાનું મન થાય એ સ્વાભાવિક છે.

પૂજ્ય પંડિતજીએ મને આ ગ્રંથો મળ્યાની વાત તો પહેલાં કરેલી; પણ એથી મહારાજશ્રીના અંતરમાં અને પંડિતજીના અંતરમાં કેવો હર્ષ વ્યાપ્યો હતો એ તો હું મહારાજશ્રીને મળ્યો ત્યારે જ સમજાયું. મારી સાથે આ વાત કરતી વખતે, ગ્રંથો મળ્યા પછી લગભગ ત્રણ અઠવાડિયા પછી પણ, મહારાજશ્રીના રોમ રોમમાંથી જાણે હર્ષ ઉભરાતો હતો. મોડે મોડે પણ આ હર્ષના ભાગીદાર થવાનું મળ્યું તેથી મેં પણ મારું ધન્યભાગ્ય માન્યું.

માનવીના જીવનમાં કોઈ કોઇ વાર એવો પ્રસંગ આવી જાય છે, જ્યારે એને આનંદથી નાચી ઊઠવાનું મન થઈ આવે છે. આ પ્રસંગ પણ આવો જ પ્રસંગ હતો.

મહારાજશ્રીની આ વાત સાંભળી ત્યારે મારા અંતરપટ ઉપર વેદોના ઉદ્ધારક (વેદોનું સૌપ્રથમ વખત મુદ્રણ કરાવનાર) જર્મન મહાપંડિત મેક્ષમુલરની આનંદથી પુલકિત થઇને નાચતી છબી અંકિત થઇ આવી. એ મહાપંડિતે જ્યારે મહાકવિ કાલિદાસનું અમર નાટક 'અભિજ્ઞાનશાકુંતલ' પહેલવહેલાં વાંચ્યું ત્યારે એ નાટકમાંના વાત્સલ્ય વગેરે ભાવોથી એમનું મન એટલું તો રાજી રાજી થઇ ગયું કે તેઓ એ ગ્રંથને પોતાના માથે મૂકીને પોતાના ઓરડામાં સાચેસાચ નાચવા લાગ્યા હતા.

મરીચિનું આનંદનૃત્ય પણ આપણને ક્યાં અપરિચિત છે ?

એટલે અંતરમાં જ્યારે સાચો આનંદ ઊભરાય છે ત્યારે એ શરમ કે સંકોચની મર્યાદાને ગણકારતું નથી.

પછી તો મહારાજશ્રીએ એ ત્રણે હસ્તપ્રતો કાઢીને મને બતાવી. પહેલો ગ્રંથ ૭૦૯ પાનાનો, મહાતાર્કિક આચાર્ય શ્રી મલ્લવાદી વિરચિત 'નયચક્ર' અથવા 'દ્વાદશાર નયચક્ર'ની એ હસ્તપ્રત. બીજો ગ્રંથ "વાદમાળા." એ ઉપાધ્યાયજીએ પોતે રચેલ, પોતાના હાથે જ લખેલ, અને અત્યાર સુધીમાં અપ્રગટ-એમ ત્રણ રીતે એ મહત્વનો ગ્રંથ. ત્રીજો ગ્રંથ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિવિરચિત વીતરાગસ્તોત્રના આઠમા પ્રકાશના ૧૨ શ્લોકમાંથા ૧૧ મા શ્લોક સુધીની ટીકા. એના કર્તા અને લેખક પણ ઉપાધ્યાયજી પોતે (જો કે આ હસ્તપ્રતના અક્ષરો એકદમ ઉપાધ્યાયજીના અક્ષરો તરીકે કળાય એમ નથી. પણ મહારાજશ્રી એના પારખુ હોવાથી તેઓના કહેવાથી આપણને એ સમજાય છે) અને એ ગ્રંથ પણ અપ્રગટ. એટલે એનું પણ ત્રેવડું મહત્ત્વ. આ ત્રણે ગ્રંથો દાર્શનિક ગ્રંથો છે.

હું સમીસાંજે ઉપાશ્રયે ગયેલો, એટલે આ બધું પૂરેપૂરું અને ધરાઇને જોઇ શકું એ પહેલાં તો અંધારું ઘેરાવા લાગ્યું એટલે ફરી વાર એ માટે જવાનું નક્કી કરીને મેં મહારાજશ્રીની રજા લીધી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ દરમ્યાન 'જૈન'ના તા. ૧૭-૩-૫૬ ના અંકમાં તેમજ 'આત્માનંદ પ્રકાશ'માં આ ત્રણ હસ્તપ્રતોનો કેટલોક પરિચય આવી ગયેલો હોવા છતાં, એની પાછળ જે કાવ્યમય ભાવના રહેલી છે તેથી પ્રેરાઇને આ લખવાનું મેં ઉચિત માન્યું છે.

આ પછી તા. ૨૬-૩-૫૬ ના રોજ સાંજના સાડાચાર વાગતાં હું ફરી મહારાજશ્રી પાસે (અમદાવાદમાં લુણસાવાડના ઉપાશ્રયે) પહોંચ્યો અને દોઢ કલાક બેસીને ત્રણે હસ્તપ્રતો સંબંધી સંતોષકારક માહિતી મેળવી અને ત્રણેનાં ધરાઇને દર્શન કર્યાં. જાણે તીર્થયાત્રા કરી હોય એવો ભાવ મેં અંતરમાં અનુભવ્યો.

મહારાજશ્રીએ કહ્યું, જેઓને આ ગ્રંથનાં (નયચક્રની હસ્તપ્રતના) દર્શન કરવાં હતાં એમણે લગભગ કરી લીધાં છે, એટલે હવે એ ગ્રંથ મુનિશ્રી જંબૂવિજયજીને મોકલી આપવામાં આવશે.

પૂ. મુનિશ્રી જંબૂવિજયજી બારેક વર્ષથી 'નયચક્ર' ગ્રંથના સંપાદનનું કેવું અતિ આકરું તપ આદરી બેઠા છે એ તો જેઓ એમનો કે એ કાર્યનો ગાઢ પરિચય સાધે તેઓ જ સમજી શકે એમ છે. આપણે સહુ ઇચ્છીએ અને પ્રાર્થીએ કે આ મુનિવરની આ કઠોર જ્ઞાનયાત્રા સત્વર સુખરૂપ પાર પડે।

આ ત્રણે હસ્તપ્રતોની પ્રાપ્તિનો યશ પોતે ન લેતાં પૂ. પુણ્યવિજયજી મહારાજ પોતાના ચિરસાથી પં. શ્રી રમણિકવિજયજીને આપે છે એ નિરીહવૃત્તિ અને એ ઉદારતા પણ આ ઘટનામાં મને નોંધપાત્ર લાગી છે.

હવે આપણે 'નયચક્ર' ગ્રંથની મળી આવેલી આ નવીન હસ્તપ્રત સંબંધી જ વિશેષ વાત કરશું. આ સંબંધમાં વિશેષ વિચાર કરતાં પહેલાં એ ગ્રંથ-રત્નની પુષ્પિકા જ જોઇએ. એ પુષ્પિકા આ પ્રમાણે છેઃ

**इति श्रीमल्लवादिक्षमाश्रमणपा[द]कृत–नयचक्रस्य तुम्बं समाप्तम् ॥ छः ॥ ग्रन्थाग्रम् १८००० ॥**

**यादृशं पुस्तके दृष्टं । तादृशं लिखितं मया ।**
**यदि शुद्धमशुद्धं वा । मम दोषो न दीयते ॥१॥**

**संवत् १७१० वर्षे पोस वदि १३ दिने श्रीपत्तननगरे ॥ पं० यशोविजयेन पुस्तकं लिखितं । शुभं भवतु ।**

**उदकानलचौरेभ्यो । मूषकेभ्यो विशेषतः ।**
**कष्टेन लिखितं शास्त्रं । यत्नेन परिपालयेत् ॥१॥**
**भग्नपृष्ठिकटिग्रीवा । दृष्टिस्तत्र अधोमुखी ।**
**कष्टेन लिखितं शास्त्रं । यत्नेन परिपालयेत् ॥२॥**
**पूर्वं पं०यशोविजयगणिना श्रीपत्तने वाचितम् ॥**
**॥ छ ॥**

આ રીતે ગ્રંથ લખવા સંબંધી સમય (વિ. સં. ૧૭૧૦) અને સ્થળ (પાટણ)નો તેમજ મૂળ ગ્રંથકર્તા, શ્લોકસંખ્યા વગેરેનો સામાન્ય નિર્દેશ કર્યા બાદ આ ગ્રંથની આ હસ્તપ્રત કેવા સંજોગોમાં, કોણે કોણે મળીને તૈયાર કરી એ સંબંધી ભારે રસપ્રદ અને મહત્ત્વની માહિતી આપતાં, આગળ ચાલતી અપૂર્વ પુષ્પિકા કહે છે કે—

**आदर्शोऽयं रचितो राज्ये श्रीविजयदेवसूरीणाम्**
**संभूय यैरमीषामभिधानानि प्रकटयामि ॥१॥**
**विबुधाः श्रीनयविजया गुरवो जयसोमपण्डिता गुणिनः ।**
**विबुधाश्च लाभविजया गणयोऽपि च कीर्तिरत्नाख्याः ॥२॥**
**तत्त्वविजयमुनयोऽपि प्रयासमत्र स्म कुर्वते लिखने ।**
**सहरविविजयैर्विबुधैरलिखच्च यशोविजयविबुधः ॥३॥**
**ग्रन्थप्रयासमेनं दृष्ट्वा तुष्यन्ति सज्जना बाढम् ।**
**गुणमत्सरव्यवहिता दुर्जनदृक् वीक्षते नैनम्॥४॥**
**तेभ्यो नमस्तदीयान् स्तुवे गुणांस्तेषु मे दृढा भक्तिः ।**
**अनवरतं चेष्टन्ते जिनवचनोद्भासनार्थं ये ॥५॥**
**श्रेयोऽस्तु ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુષ્પિકાના ઉપરના શ્લોકોમાં જણાવ્યા મુજબ 'નયચક્ર' ગ્રંથની આ નકલ વિજયદેવસૂરિના સમયમાં સાત મુનિવરોએ ભેગા મળીને કરી છે. એ સાત મુનિવરો તે—

વાચક નયવિજયજી (ઉપાધ્યાયજીના ગુરુ), મુનિ જયસોમ, વાચક લાભવિજયજી, કીર્તિરત્નગણિ, મુનિ તત્ત્વવિજય, વાચક રવિવિજયજી ને વાચક યશોવિજયજી.

આ રીતે સાત મુનિવરોએ ભેગા મળીને આ ગ્રંથની નકલ કર્યાની વાત વાંચીને સહેજે મનમાં પ્રશ્ન થાય કે, એવું તે શું થયું હશે જેથી સાત મુનિવરોએ ભેગા મળીને આ ગ્રંથની નકલ તૈયાર કરવી પડી હશે. ઉપાધ્યાયજી જેવા દ્રષ્ટા પુરુષ, ગ્રંથ વાંચનારની આ શંકાને બરાબર જાણી લે છે, અને એનું સમાધાન પુષ્પિકાના છેલ્લા શ્લોકોદ્વારા તેઓ કરે છે. તેઓ કહે છે કે—

**सुमहानप्ययमुच्चैः पक्षेणैकेन पूरितो ग्रन्थः ।**
**कर्णामृतं पटुधियां जयति चरित्रं पवित्रमिदम् ॥ ६ ॥ श्री ॥**

આ હસ્તપ્રત સાત મુનિવરોએ લખ્યાની અપૂર્વ વિશેષતાનું મૂળ આપણને આ શ્લોકમાં મળી આવે છે. આ એક જ શ્લોક આ ગ્રંથની વિશિષ્ટતાના કારણનો આપણને પૂરેપૂરો ખ્યાલ આપે છે. એ શ્લોક કહે છે કે—**આવડા મોટા (અઢાર હજાર શ્લોક-પ્રમાણ) ગ્રંથની નકલ એક જ પખવાડિયામાં કરી લેવામાં આવી હતી !**

આ શ્લોક વાંચતા લાગે છે કે આ ગ્રંથની પ્રાચીન નકલ કોઇ એવા યતિ કે ગૃહસ્થ પાસે અથવા કોઇ જ્ઞાનભંડારમાં હશે કે જ્યાંથી વધુ સમય માટે મળી શકે એમ નહી હોય, અને માંડમાંડ મહામુસીબતે, પંદર દિવસ માટે એ મેળવી શકાઇ હશે, પણ એ નકલ મળી એટલે પછી આવા ગ્રન્થરત્નોના પારખુ ઉપાધ્યાયજી એની નકલ કર્યા વગર રહે કેમ ! પણ સાથે આટલા ટૂંકા ગાળામાં આવડા મોટા અને આટલા જટિલ ગ્રંથની નકલ થઇ શકે પણ કેમ કરી ? પણ એ કંઇ કોઇ વાતે પાછા પડે એવા નહીં એટલે સાત સાત મુનિવરો કેડ બાંધીને બેસી ગયા અને પંદર દિવસમાં જ આખા ગ્રંથની નકલ કરી લીધી ! કેવી એ શ્રુતભક્તિ અને કેવો એ પુરુષાર્થ ! ધન્ય એ શ્રુતભક્તિ અને ધન્ય એ પુરુષાર્થ !

પૂ. પુણ્યવિજયજી મહારાજ તો પ્રાચીન પુરુષોના અક્ષરોના પારખુ છે. એમણે આ સાત મુનિવરોમાંથી ઉપાધ્યાય નયવિજયજી તથા યશોવિજયજીના (ગુરુ-શિષ્યની એ બેલડીના) અક્ષરો ઓળખી કાઢ્યા છે. ૩૦૯ પાનાના આખા ગ્રંથમાં ઉપાધ્યાય શ્રી યશો· મહારાજે છૂટાં છૂટાં થઇને ૭૩ પાનાં જેટલું લખાણ પોતે લખ્યું છે; જે (બીજાના અક્ષરો કરતાં ઉપાધ્યાયજી મહારાજના અક્ષરો કંઇક ઝીણા હોવાને કારણે) આખા ગ્રંથના ચોથા ભાગ કરતાં પણ કંઇક વધારે—એટલે ૪૬૦૦-૪૭૦૦ શ્લોકપ્રમાણ—હોય એમ લાગે છે. પંદર દિવસમાં આટલું લખવું એટલે રોજના ત્રણસો શ્લોકની સરેરાશ થઇ. સાધુ-જીવનના આચારો અને દૈનંદિન ક્રિયાઓ કરવા છતાં આટલું લખાય એ અંતરમાં અદમ્ય જ્ઞાનભક્તિ ભરી હોય તો જ બની શકે.

આ રીતે શ્રી યશોવિજયજી મહારાજે આ ગ્રંથ લખવામાં પોતાનો મોટો ફાળો આપવા ઉપરાંત પોતાના તેમજ બીજાઓનાં લખાણોમાં, જ્યાં ભૂલને કારણે કે બીજી રીતે જરૂર લાગી ત્યાં પોથીના માર્જિનમાં સુધારા પણ કર્યા છે. આનો અર્થ એ કે ગ્રંથની નકલ કરવામાં ભાગ લેવા ઉપરાંત શુદ્ધિ-અશુદ્ધિની દૃષ્ટિએ એમણે આ પ્રત નજરસોંસરી પણ કાઢી લીધી હતી.

ઉપાધ્યાયજી મહારાજના હસ્તાક્ષરો જો બે પાંચ વાર જોવામાં આવે તો પછી એને ઓળખવાનું સરલ થઇ પડે એવી કેટલીક ખાસિયતો એમના હસ્તાક્ષરોમાં જોવા મળે છે. એમના અક્ષરો એકદમ સીધા નહીં પણ કંઇક વાંકવાળા હોય છે. મોટે ભાગે તેઓ મોટા અક્ષરો નથી કાઢતા પણ કંઇક ઝીણા કાઢે છે. અક્ષરોની શાહી, લહીયાઓનાં લખાણોમાં હોય છે તેમ, બધે એકસરખી રહેવાને બદલે ઘેરી તથા આછી થતી રહે છે. એમનું લખાણ જોતાં લાગે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ, લહીઆની જેમ, ચીપી ચીપીને નહીં પણ ઝડપભેર સહજભાવે લખતા હશે. કલમ વારંવાર ઉઠાવવી, બોળવી અને એમાં કાળક્ષેપ કરવો ન પોસાતો હોય એ રીતે તેઓ ઝડપથી લખવા ટેવાયા હશે. અને આટલું બધું હોવા છતાં એમના લખાણમાં ક્યાંય છેકછાક નથી હોતી એટલું જ નહીં કોઈ અક્ષર પણ એવો ગરબડિયો નથી આવતો, એ એની ખાસ વિશેષતા છે. આવા મહાન્ વિદ્વાન આટલી બધી પ્રવૃત્તિ કરે, છતાં પોતાના રચેલા જ નહીં, બીજાના રચેલા મહત્ત્વના ગ્રંથો પણ પોતાના હાથે લખે એ બીના ઉપાધ્યાયજીની જ્ઞાનભક્તિ માટે ભારે આદર ઉત્પન્ન કરે છે.

'નયચક્ર'ની આ હસ્તપ્રતની પ્રાપ્તિથી પૂ. મુ. શ્રી જંબૂવિજયના કાર્યમાં સહાયતા અને વધારો બંને થવાનાં—આ ગ્રંથનો જેટલો ભાગ હજી છપાયો નથી એમાં આ પ્રત અવશ્ય સહાયરૂપ થશે; અને જે છપાઈ ગયો છે તેના પાઠાંતરો મેળવવામાં કામનો વધારો થશે. પણ એ વધારો ય એના સંશોધકને માટે તો પ્રેમભર્યો જ હશે.

આ હસ્તલિખિત પ્રત અમદાવાદના દેવશાના પાડાના જ્ઞાનભંડારમાંના અમુક ગ્રંથોનું અવલોકન કરતાં મળી આવી છે, એ એમ સૂચવે છે કે, આપણા બંધ રહેલા જ્ઞાનભંડારોનું ઝીણવટપૂર્વક, યોગ્ય પરીક્ષકોદ્વારા અવલોકન કરાવવામાં આવે તો એમાંથી આવા અનેક ગ્રંથો મળી જવાનો પૂરેપૂરો સંભવ છે.

જે વિદ્વાનો પ્રાચીન સાહિત્યનું મૂલ્ય સમજે છે તેઓ આવા ભંડારોનું મૂલ્ય પણ બરાબર સમજે છે અને જ્યારે ઘણી ઘણી મહેનતને અંતે પણ—કદાચ મોટો ડુંગર ખોદીને નાનો સરખો ઉંદર શોધી કાઢવા જેવી મહેનતને અંતે પણ—આવો એકાદ ગ્રંથમણિ મળી આવે છે ત્યારે એમને પોતાની બધી મહેનત સફળ થતી લાગે છે, પોતાનો બધો શ્રમ એ વિસરી જાય છે, અને એમના અંતરમાં કેવળ આનંદ આનંદ જ વ્યાપી જાય છે.

આ ત્રણ ગ્રંથોની પ્રાપ્તિએ આવા પ્રાચીન અને અર્વાચીન મરજીવાઓ અને ધૂળ ધોયાઓનાં આપણને દર્શન કરાવ્યાં, એ એનો ઉપકાર આપણે કદી વિસરી નહીં શકીએ.

કોઈ મરજીવો સાગરના અતળ પેટાળમાં ગોથાં મારે છે, પણ જ્યારે એને એકાદ પણ નવલખું મોતી લાધે છે ત્યારે એનું હૈયું કેવું હર્ષથી નાચી ઊઠે છે!

કોઈ ધૂળધોયો ધૂળના ઢગલા ધોયા જ કરે, ધોયા જ કરે; પણ કોઈક ક્ષણ એવી ધન્ય આવે છે, જ્યારે એને પોતાની મહેનત ચરિતાર્થ થતી લાગે છે.

જ્ઞાનભક્તિ અને વિદ્યાસંશોધનનું કાર્ય એ એવો જ—મરજીવાના કે ધૂળ ધોયાના જેવો ધંધો છે; પણ જેમને એ ધંધાની મોહિની લાગે છે એમને ન પોતાની મહેનતની ચિંતા હોય છે કે ન પોતાનાં ઊંઘ—આરામની પરવા!

અને આવા મરજીવાઓ અને ધૂળધોયાઓ જ દેશ, ધર્મ અને સમાજના સાચા સેવકો છે; સરસ્વતીના સાચા ઉપાસકો છે.

છેવટે, એક વાત કહેવાનું મન થઈ આવે છે. જ્યારે પણ અવસર મળે, જ્યારે પણ અમદાવાદ જવાનું થાય, ત્યારે એકાદ વાર તો મુનિ શ્રી પુણ્યવિજયજી પાસે જઈને, એ સદા હસમુખા, સદા પ્રસન્ન, સદા ઉદાર અને સર્વથા નિરભિમાન જ્ઞાન-તપસ્વીનાં દર્શન અવશ્ય કરશો. તમે એમને એક સવાલ પૂછશો, એ તમને હોંશે હોંશે દસગણી માહિતી આપશે. તમે એમને એમના કામ બાબત થોડુંક પૂછશો, એ તમારી સમક્ષ પોતાના કાર્યનું આખું સુંદર ચિત્ર રજૂ કરી દેશે. કોઈ ઝવેરી પોતાનો ધંધો ચાલવાની લાલચે, પોતાના ઘરાકને, પડીકાં ઉઘાડી ઉઘાડીને જાતજાતનાં હીરા—માણેક—પાનાં બતાવે છે એમ આ મુનિવર તમને, કોઈ જાતની આકાંક્ષા વગર જ, અનેક પોથીઓ, અનેક દાબડાઓ, અનેક કબાટો અને નાના નાના પડીકાં જેવાં વેષ્ટનો ઉઘાડી ઉઘાડીને અપૂર્વ અપૂર્વ પ્રાચીન જ્ઞાનસામગ્રીનાં દર્શન કરાવશે. એ વખતે એ નહીં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાનતાવાદ

## જગતને ભ૦ મહાવીરસ્વામીની મૌલિક દેન

ભગવાન શ્રી મહાવીરસ્વામીએ આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં ભારતને આત્મવાદ, પુદ્‌ગલવાદ, ઉત્ક્રાંતિવાદ, અપેક્ષાવાદ અને સમાનતાવાદ વગેરે સિદ્ધાંતો આપ્યા છે. તેઓએ પંડિત અને સામાન્ય જનતાને સરખી રીતે માર્ગદર્શન આપે એવા તાત્ત્વિક નિર્ણયો ઉપદેશ્યા છે તેમાં સમાનતાવાદ એ સૌથી પ્રધાન સિદ્ધાંત છે.

ભારતના સર્વે ધર્મો અહિંસાને માને છે પરંતુ તે નાના–મોટા વર્તુલરૂપે છે. ભગવાન મહાવીરની અહિંસા એ સૌથી પર અને ચરમ સીમા સુધી વ્યવસ્થિત છે.

અહિંસાનું મૂળ સર્વ જીવોમાં સમાનતાની ભાવના છે. ભ૦ મહાવીરદેવના અનુયાયીઓએ એ સમાનતાના પાયા ઉપર ગણતંત્રરાજ્ય અને સંઘતંત્રશાસન ઊભાં કરી ભારતના રાષ્ટ્ર તથા ધર્મનાં ઉત્થાનમાં બહુ મૂલ્યવાળો વેગ આપ્યો છે.

એ સીધી વાત છે કે–એકાત્મવાદી એકહથ્થુ સત્તાના પક્ષપાતી હોય છે કેમકે તેની ભાવનાનો છેડો ઇશ્વર કે કોઇ વસ્તુમાં બંધાયેલો હોય છે, જ્યારે અનેકાત્મવાદી તેનાથી ભિન્ન સૌની સ્વતંત્રતાનો ભાવુક હોય છે. જે ભાવ દયાથી સૌને સરખા માને છે. સૌની સ્વતંત્રતા ઇચ્છે છે. તે મનુષ્યના શિશુ, કિશોર, બાલક, યુવાન, આધેડ અને વૃદ્ધ વગેરે દેહપર્યાયોને વાસ્તવિક રીતે એક જ વસ્તુ માને છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય, વનસ્પતિ, કિટાણુ, પશુ, પક્ષી, મનુષ્ય વગેરે જાતિપર્યાયોને એક જ વસ્તુ માને છે. જો કે તે તેમાં ઉત્ક્રાંતિ કે અપક્રાંતિનો સાપેક્ષ ફરક નિહાળે છે અને નટના ભિન્ન ભિન્ન વેશપલટા જેવો દેહપલટો સ્વીકારે છે પરંતુ તેમાં રહેલા જીવો જીવરૂપે સમાન છે એ વાસ્તવિક તથ્યને તે ભૂલતો નથી.

ભગવાન મહાવીરનો અનુયાયી સૌ જીવોને સ્વતંત્ર અને સમાન માને છે અને તેથી જ લીચ્છવી પ્રજાનું ગણતંત્રરાજ્ય અને જૈનદર્શનનું સંઘતંત્રશાસન આજે પણ આદર્શરૂપ લેખાય છે.

ગણતંત્ર પણ શાહીતંત્ર ન બને અને સંઘતંત્ર પણ શાહીતંત્ર ન બને એ માટે બહુ કાળજી રાખવામાં આવતી હતી. રસીયાના સામ્યવાદી નેતા ક્રુશ્ચેવે સ્ટાલીન પર જે આક્ષેપો કર્યાં એવી ભૂલ કોઇ ગણનાયક કે ગણતંત્ર ન કરી બેસે એ માટે ચોક્કસ નિયમો હતા. ગૌતમબુદ્ધે પણ રાજા કોણિકના મંત્રી પાસે એવા કેટલાએક નિયમોની પ્રશંસા કરી છે. ગણતંત્રરાજ્ય આવા નિયમોનું પાલન કરીને બીજા ચંદ્રગુપ્તના કાળ સુધી પોતાના અસ્તિત્વને ટકાવી શક્યું છે.

જૈનસંઘશાસનમાં પણ શાહીતત્ત્વ પેસી ન જાય તે માટે સખત તકેદારી રાખવામાં આવી છે. ગણનાયક ભૂલ કરે તો શ્રમણપ્રધાન સંઘ પોતાની શક્તિથી તે ભૂલને સુધરાવે અને સંઘની રક્ષા કરે. આ માટે પણ ચોક્કસ મર્યાદાઓ આપી છે. જૈન ધર્મમાં

---

જોવે કે પોતાનું બીજું કામ કેટલું બાકી રહી જાય છે, પોતાના પરિશ્રમમાં કેટલો વધારો થાય છે, કે પોતાનો સમય કેટલો વીતી રહ્યો છે!

આ ત્રણ હસ્તપ્રતોનાં દર્શન અંતરમાં કંઈ કંઇ ઊર્મિઓ જગવી જાય છે. એ ત્રણ પ્રતો એક બાજુ ઉપાધ્યાયશ્રી યશોવિજયજીની વિરલ જ્ઞાન-ભક્તિની કીર્તિગાથા સંભળાવે છે તો બીજી બાજુ આપણી જ્ઞાન–સંપત્તિનો આપણને ખ્યાલ આપે છે.

એ જ્ઞાનસંપત્તિના વારસાને લાયક બનવાનો આપણે સંકલ્પ કરીએ, એ જ અભ્યર્થના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજા મહારાજા કે સત્તાધીશો ન હોવા છતાં જૈન સંઘતંત્ર આજ સુધી અવિચ્છિન્નપણે ચાલે છે તેનું કારણ સર્વતોમુખી સમાનતાનો સિદ્ધાંત જ છે.

ભગવાને ખાસ અમુક જાતિ, વર્ણ કે વ્યક્તિને મોક્ષના ઠેકેદાર રાખ્યા નથી. બ્રાહ્મણ કે શૂદ્ર, પુરુષ કે સ્ત્રી, એમ દરેકને મોક્ષને યોગ્ય બતાવ્યા છે. જો કે જૈનદર્શન શરૂથી જ સ્ત્રી મોક્ષ માને છે પરંતુ **न स्त्री स्वातंत्र्यमर्हति ।** વગેરે ગાનારાઓને સ્પષ્ટ સમજાવવા માટે જ ચતુર્યામ ધર્મને જ પંચયામ ધર્મ બનાવી સ્ત્રીસ્વતંત્રતાને અને ચાર સંઘોમાં સાધ્વીજી તથા શ્રાવિકાને સ્વતંત્ર સ્થાન આપી સ્ત્રીની સમાનતાને સ્પષ્ટ કરી છે. જીવમાત્રને અનાદિ-અનંત બતાવી તેમાંથી ઉત્ક્રાંતિ સાધકોને મોક્ષના અધિકારી બતાવ્યા છે.

આ રીતે રાષ્ટ્રમાં અને ધર્મમાં સમાનતાને આવકારી છે.

ભગવાન મહાવીરસ્વામીએ સમાનતાના સિદ્ધાંતને અહિંસા, સત્ય અને અપેક્ષાવાદદ્વારા વિવિધ રીતે રજૂ કર્યો છે તેમાંના કેટલાએક ફકરાઓ નીચે આપું છું.

આ જગતમાં કોઈ શ્રમણ બ્રાહ્મણો કદાગ્રહથી કહે કે-અમોએ દીઠું છે, સાંભળ્યું છે, માન્યું છે, વિચાર્યું છે અને સ્વર્ગ મૃત્યુ તથા પાતાળમાં ચારે બાજુ દૃષ્ટિ ફેરવી નક્કી કર્યું છે કે-દરેક પ્રાણો, ભૂતો, જીવો તથા સત્વોને મારવા દાબવા પકડવા પીલવા કે રેંસી નાખવામાં માનજો કે કંઈ પણ દોષ નથી. તેઓના શાસ્ત્રો તપાસીને હું તેઓને પૂછું છું કે-હે વાદી! તને દુઃખ પ્રિય છે કે અપ્રિય છે? તે તુરત જ ઉત્તર આપશે કે મને દુઃખ અપ્રિય છે. તેને એ જ શૈલીથી જણાવું છું કે-સર્વ પ્રાણ ભૂત જીવ તથા સત્વોને પણ દુઃખ અભિષ્ટ નથી. ત્યાજ્ય છે. ભયંકર છે.

—આચારાંગ સૂત્ર સૂ૦ ૨૩૯, ૨૪૨.

મનુષ્યનું જીવતર સીમિત છે, તો પાપથી વિરમ.

—સૂત્રકૃતાંગ ૨-૧-૧૦.

ઉપર નીચે કે પડખેના લોકમાં ગતિશીલ કે ગતિરહિત પ્રાણી છે તેનો નાશ ન કર. કેમકે શાંતિ એ જ નિર્વાણ છે.

—સૂત્રકૃતાંગ ૩-૪-૨૦ = ૧૧-૧-૧૧.

કોઇ પણ પ્રાણીને મારવા નહીં, પીડવા નહીં. એ જ નિત્ય ધ્રુવ-શાશ્વત ધર્મ છે.

—સૂત્રકૃતાંગ ૨-૧-૧૫.

મારો આત્મા તપ સંયમથી દમાય તે જ ઉત્તમ છે. વધ બંધથી દમાય તેથી શું?

—ઉત્તરાધ્યયન સૂત્ર ૧-૧૬.

ઉત્સાહથી રોગીની સેવા કર.

—સૂત્રકૃતાંગ ૩-૩-૨૦.

જગતમાં યશ કીર્તિ શ્લોક વંદન અને પૂજન વગેરેની જે ઇચ્છાઓ છે તેનું વાસ્તવિક રૂપ સમજીને તેને છોડી દે.

—સૂત્રકૃતાંગ ૯-૧-૨૨.

સાધુ બીજાને "તું" એ તિરસ્કાર શબ્દથી ન બોલાવે. —સૂત્રકૃતાંગ ૯-૧-૨૭.

અપેક્ષા વગરનું જેમ તેમ બોલવું એ બકવાદ છે.

—આચારાંગ સૂ૦ ૩૯૬.

હે કાલોદાયી! વિષમિશ્રિત મિષ્ટાન્ન પ્રથમ મીઠું લાગે પણ અંતે નુકસાન કરે છે. તેમ હિંસા જૂઠ વગેરે પ્રથમ મીઠાં લાગે પણ અંતે નુકસાન કરે છે. દવામિશ્રિત અન્નની જેમ અહિંસા વગેરે પ્રથમ કડવા લાગે છે, પણ અંતે સુંદર લાભ કરે છે.

—ભગવતી સૂત્ર ૭-૧૦-૩૦૬.

બ્રહ્મચારીને ત્રણે જગત્ નમે છે. કેમકે તે દુષ્કર કારક છે. —ઉત્તરાધ્યનસૂત્ર ૧૬-૬.

ધગધગતી અગ્નિનું પાન કઠિન છે. તેમ યુવાનીમાં ચારિત્ર પાલન પણ કઠિન છે. એ તો મીણના દાંતે લોઢાના ચણા ચાવવાના છે.

—ઉત્તરાધ્યયન સૂત્ર. ૧૯-૩૯-૪૦.

સાધુત્વના લક્ષણો એ છે કે-અર્ચના રચના વંદન પૂજન ઋદ્ધિ સત્કાર કે સન્માનને મનથી પણ ન ઇચ્છે. —ઉત્તરાધ્યયન સૂત્ર. ૩૫-૧૮.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મા એ જ વૈતરણી નદી છે, આત્મા જ ખીજડાનું ઝાડ છે, આત્મા જ કામધેનુ છે અને આત્મા જ નંદનવન છે.

–ઉત્તરાધ્યયન ૨૦–૨૬.

કોઇ મંદ પુરુષ માને કે–આ લોક એકાત્મ સ્વરૂપ છે. જો એમ જ હોય તો જે પાપ કરે છે તે જ તેનું ફળ ભોગવે છે. એ કેમ બને ?

–સૂત્રકૃતાંગ ૧–૧–૧૦.

હે ગૌતમ ! હાથીનો જીવ અને કુંથવાનો જીવ સરખા છે.

–રાયપસેણી. ભગવતીસૂત્ર. ૭–૮–૨૯૪.

જમાલી જીવ શાશ્વત છે, નિત્ય છે. અશાશ્વત છે, અનિત્ય છે.

–ભગવતીજી ૯–૩૩–૩૨૭. ૧૪–૪–૫૧૨.

પોતે ચક્રવર્તિ હોય, સમ્રાટ્ હોય કે નોકર હોય. પણ ત્યાગી અને ગુણવાનને નમવામાં શરમાવું નહીં તથા સમતામાં રહેવું.

–સૂત્રકૃતાંગ ૨–૨. ૩૦.

શ્રદ્ધાળુ, હિતસ્વી, બુદ્ધિવાળો, બહુશ્રુત અને બલવાન પુરુષ ગણનાયક પદને યોગ્ય છે.

–સ્થાનાંગ ૫–૨–૪૩૫.

હે ગૌતમ ! તું શા માટે ખેદ કરે છે ? આપણામાં શરીરને કારણે તફાવત છે. એ દૂર થતાં આપણે બન્ને સર્વ રીતે સમાન થઇશું.

–ભગવતી સૂત્ર ૧૪–૭–૫૨૧.

હે રોહા લોક કે અલોક, તેમજ કુકડી કે ઇંડું વગેરે વગેરે પહેલાં પણ છે અને પછી પણ છે.

–ભગવતીજી. ૧–૬–૫૩.

જૈન આગમમાં આવા સંખ્યાબંધ ઉપદેશ પાઠો છે. એના આધારે સ્પષ્ટ છે કે ભગવાન મહાવીરસ્વામીનો સમાનતાનો સિદ્ધાંત વિશાળ છે, અજોડ છે, સર્વહિત–સાધક છે. આનો લાભ તે જ લઇ શકે કે જેના દિલમાં પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમ હોય.

બૌદ્ધધર્મ અને ઇસાઇમત માનવજાતની આંશિક સમાનતાને ઉપદેશે છે. જેને પ્રાણીઓનો વિનાશ કે માંસાહાર ઇષ્ટ છે તે આ ઉપદેશને ઉત્તમ માને.

કોઇ કોઇ ધર્મ તો પ્રાણી કે મનુષ્યની રક્ષાને નહીં, કિન્તુ પોતાના માત્ર ભૌતિક નિયમોને જ ધર્મ તરીકે ઉપદેશે છે. જગતમાં સ્વચ્છંદે વર્તવું અને ધર્મી બની રહેવું એ તત્વ આ ઉપદેશમાંથી મળી આવશે.

આ જાતની વિચારધારાઓમાંથી આજે સમાજવાદ, સામ્યવાદ, જનતાવાદ, વગેરે અનેક વાદો જન્મ્યા છે. તેમાં જે જે ત્રુટીઓ છે તે પ્રત્યક્ષ છે.

આ દરેક વાદોની અપૂર્ણતા દૂર થાય, ભ૦ મહાવીરનો શુદ્ધ સમાનતાવાદ જગતમાં ફેલાય અને જગતના સૌ જીવો સાચી સ્વતંત્રતાને વરે એ ઇચ્છાપૂર્વક આ લેખ સમાપ્ત કરું છું.

**લી૦ મુનિ દર્શનવિજય (ત્રિપુટી)**

સં. ૨૦૧૨ ચૈ૦ શુ૦ ૨ ગુરુવાર—મેરઠછાવણી

## નકલ

કિંમતી વસ્તુની જ હમેશાં નકલ થાય છે. નાચીજ વસ્તુની નકલ કદી બનતી નથી. સોનાની નકલ રોલ્ડગોલ્ડ અને સાચા મોતીની નકલ કલ્ચર થાય છે, પણ ધૂળની નકલ કોઇ કરતું નથી તેમ ધર્મ પણ કિંમતી છે, માટે એની નકલો ઘણી થાય છે, માટે ધર્મના અર્થીએ પરીક્ષક બનવાની જરૂર છે.

**ચિત્રભાનુ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "નિંદા કરનારનું" પણ સન્માન કરો

લે૦—ભવાનભાઈ પ્રાગજી સંઘવી

જ્ઞાનીજનો નિંદા કરનારાઓને પોતાના સદ્‌ગુરુ ( શુભ ચિંતક ) દર્શાવીને તેનું સન્માન કરે છે.

એક વખત ભગવાન તથાગતે પોતાના શિષ્ય પૂર્ણને બોલાવી પૂછ્યું: 'પૂર્ણ! તું જે ગામમાં ભિક્ષા લેવા જાય છે, ત્યાં જો કોઇ તને અપશબ્દ બોલે અથવા તારું અપમાન કરે તો તું શું કરે?'

'ભગવાન! હું એમાં આનંદ લઇશ કે એણે મને શસ્ત્રવતી માર્યો નહીં.'

'અને જો તને કોઇ શસ્ત્રવતી મારે તો?'

'તો હું વધુ આનંદ પામીશ કે એણે મને ક્ષમાનો પરિચય કરાવવાનો સુંદર અવસર આપ્યો.'

'અને જો તને મારી જ નાંખે તો?'

'તો પ્રભુ! હું એને અંતરના આશીર્વાદ દઇશ કે એણે મને નિર્વાણની વધુ સમીપ પહોંચાડી દીધો.'

'વત્સ! તને કદાપિ ક્રોધ ન થાય?'

'પ્રભુ, આપ જેવા ક્ષમાગુણભંડાર, કરુણાના સાગર, ત્રણ જગતના જીવોને સુખ આપનાર એવા આપ બુદ્ધ ભગવાનના ચરણકમળની સેવનાથી ક્ષમાગુણનો મહિમા જાણવા છતાં ક્રોધરૂપી એ સુકા ઘાસનો પરિત્યાગ કરવા કયો હિણભાગી પ્રમાદ સેવે?

'પ્રભુ! હું તો નિંદા કરનારને તેમજ દુઃખ દેનારને મારો પરમ મિત્ર જ ગણું છું. પ્રભુ! તેજસ્વી કિરણો જેમ સૂર્યની સર્વે વિશિષ્ટતાઓ પ્રતિબિંબિત કરે છે તે રીતે આપના તપ-ત્યાગનું તેજ મારા આત્માને પ્રકાશિત કેમ ન બનાવે? પ્રભુ! આપનો ધર્મોપદેશ "સૂર્યની કાંતિ જેવો" અંધકાર નાશ કરનારો, આપની શીતળ છાયમાં રહ્યા છતાં કયો એવો હોય કે જે આપના ચરણ ગ્રહણ ન કરે?

'કૃપાનાથ! આપનો ક્ષમાગુણ વિષેનો મંત્રોચ્ચાર સદાયે મારા દિલમાં રણકાર કરી રહેલો છે.

**क्षमा शस्त्रं करे यस्य दुर्जनः किं करिष्यति ?।**
**अतृणे पतितो वह्निः स्वयमेव प्रशाम्यति ॥**

જયાં સૂકું ઘાસ જ ન હોય ત્યાં પડેલો અગ્નિ પોતાની મેળે જ શાન્ત થઇ જાય છે, બૂઝાઇ જાય છે. ક્ષમારૂપી શસ્ત્ર પાસે દુર્જનનું શું ચાલે?

'પ્રભુ! આવું જાણ્યા છતાં મારા દિલમાં ક્રોધ, કષાય, ઇર્ષા, વિગેરે નિંદ્ય દૂષણ રહેવા પામે તો આપ જેવા "વિબુધાર્ચિત" ઉત્તમ જ્ઞાનસ્વરૂપ "બુદ્ધ"ની છાયામાં રહ્યો તો યે શું અને ના રહ્યો તો યે શું?

'પ્રભુ! આપે તો ત્રણ ભુવનના પ્રાણીઓને સુખ આપવા માટે મહાન્ રિદ્ધિ-સિદ્ધિઓને ઠોકરે મારી છે અને સદાયે સૌના પ્રત્યે પ્રેમાશ્રુ જ વહાવ્યા કરો છો. એ પ્રેમમય અશ્રુઓનું પાન કરી મારી જેવો આપનો સેવક નિર્મળ કેમ ન બને?'

'શાબાશ-પૂર્ણ, તારી પાસેથી મેં આવી જ આશા રાખી હતી. મને સંપૂર્ણ ખાત્રી થઇ ચૂકી છે કે તું કોઇ પણ દિશામાં જશે તો પણ કલ્યાણમય ધર્મનો પ્રચાર નિર્ભય રીતે તું કરી શકશે જ.'

પૂર્ણ! નિંદકો તો પાઠશાળાના પરીક્ષકો કહેવાય છે.

નિંદા કરનારાઓ તેની જ પરીક્ષા કરે છે કે જે શ્રેષ્ઠ બનવાની ઇચ્છાથી જ ઉન્નતિની પાઠશાળામાં પ્રવેશ કરે છે, પણ જે ભણતા જ નથી અને જન્મતાં જ (જાનવરોની પેઠે) માત્ર ખાવાપીવાની ચિંતામાં એટલે આહાર, નિદ્રા અને મૈથુન વિગેરે કાર્યોમાં જ વ્યવહાર કરે છે તેની નિંદા યા સ્તુતિ કરવી તે બન્ને સરખા જ છે.

આ લોકની ઉન્નતિમાં નિંદા ગમે તેટલા વિઘ્નો નાંખશે પરંતુ પારલૌકિક ઉન્નતિમાં તો નિંદા મદદરૂપ બને છે. નિંદાના બે પ્રકાર છે. એક છે અપવાદ અને બીજો છે પ્રવાદ.

ખરાબ કામ કરવાથી નિંદા થાય તેને અપવાદ કહે છે. એ અપવાદથી બચવા માટે તો સૌ કોઇએ જીવ-જાનથી પ્રયત્ન કરવો જ જોઇએ પરંતુ કોઇ નિંદાસ્પદ કાર્ય કર્યું ન હોય છતાં લોકો અમસ્થા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્વેષથી, ગુસ્સાથી કે કિન્નાખોરીથી અથવા ભ્રમથી નિંદા કરવા લાગે છે તેને પ્રવાદ-બબડાટ કહે છે. ઉન્નતિને માર્ગે આગળ વધનારા માણસે બબડાટની પરવા કરવી જ નહીં. બબડાટ એ તો કંટકથી છવાયેલા ઉન્નતિના શિખર પર ચઢવા માટેની (ટેકો આપનારી) લાઠીનું કામ કરે છે.

લોકરંજનની ખાતર નિંદાની પરવા કરીને તેની યથાર્થતા લોકોની આગળ દેખાડવી એ કામ ઇશ્વર સિવાય આ જમાનામાં બનવું અશક્ય છે.

"ઇશ્વરના આચરણની આ કલિકાળમાં નકલ કરવા કોઇ જાય તો ધરતી ઉપર પગ મૂકવાની પણ જગ્યા મળી શકે નહિ. એક ધોબીના બબડાટથી નિષ્કલંક પતિપરાયણ સતી સાધ્વી સીતાજીને શ્રી રામચંદ્રજીએ ત્યજી દીધાં હતા. એવું વિષમ કાર્ય તો એવા અવતારી મહાન્ પુરુષોને જ શોભે છે, પણ જો સામાન્ય કોટીનો કોઇ પણ માનવી એવા બબડાટની પરવા કરીને સત્ય પ્રગટાવવા નિકળે તો એ હાંસીને પાત્ર જ બને છે.

અત્યારે તો દુનિયાના મોટા ભાગના માનવીને "સોર્ટ સાઇટ"નો (ટૂંકી દષ્ટિનો) રોગ લાગુ પડયો છે. જેઓની સંકુચિત દષ્ટિ જ (પ્રથમથી જ) છે તે દીર્ઘદષ્ટિનો ઉપયોગ કેમ કરી જ શકે?

એ સંકુચિત દશા ટાળવા માટે સર્વ વ્યાપી પ્રેમામૃતનો પ્રવાહ હૃદય દ્વારા વહાવી એ અમૃતથી એ મલિન દષ્ટિને ધોઇ નાંખી આત્મૈક્ય સાધવામાં આવે તો માનવી એ નિર્મળ દષ્ટિથી સત્ય પામી શકે જ. કહ્યું છે કે જેણે સ્વાર્થને જીત્યો છે એ જ સુખી છે, જેણે આંતરિક સ્વસ્થતા પ્રાપ્ત કરી છે તેનું જીવન સંતોષી છે, જેણે સત્યને પ્રાપ્ત કર્યું છે તેનો જન્મ ધન્ય છે.

સત્ય ઉદાત્ત અને મધુર છે. સત્ય માનવીને અનિષ્ટમાંથી બચાવી લે છે. જગતમાં સત્ય વિના બીજો કોઇ તારણહાર નથી. સત્ય તમોને ન સમજાય છતાં તેમાં તમે વિશ્વાસ રાખજો, એની મૃદુતા તમોને કટુ લાગે અને તમો એનાથી પ્રથમ દૂર નાસો તો પણ તેમાંથી ઇતબાર નહિ છોડશો કારણ કે સત્યને કોઇ ફેરવી શકતું નથી, એનું કોઇ પરિવર્તન કરી શકતું નથી.

કોઈ દોષથી તમે પંથ ચૂકો, ભ્રમમાંથી વિપદ જન્મે અને પરિણામે તમે હતાશ અને બેજાર બનો તો પણ અન્ય કોઇને દોષ નહિ દેતા. સત્ય પ્રત્યેની તમારી શ્રદ્ધા ડગવા દેતા નહિ. અહં એ એક પ્રકારનો જ્વર છે, સ્વાર્થ એ ક્ષણજીવી મૃગજળ છે પરંતુ "સત્ય" કલ્યાણકારી છે, ઉન્નત છે, સનાતન છે. સત્ય વિના બીજી કોઇ અમરતા નથી, કારણ કે સત્ય એ અનંત છે.

માનવી અત્યારે "અસત્યે પહેરેલાં સત્યના સ્વાંગથી ભૂલાવામાં પડી ગયો છે." અસત્યના આડંબર અને કૂટનીતિએ સત્યનું શાસન ઝાંખું પાડયું છે. માનવીની દષ્ટિ આજે કાળચક્રની રજ ડમ્મરથી મલિન બની ગઇ છે જેથી માનવી અત્યારે સત્યનો માર્ગ છોડી ઉલટે પંથે ચાલી રહ્યો છે. અત્યારે તે શું સંગ્રહી રહ્યો છે એ પોતે જ સમજી શકતો નથી. માનવી જો ધનનો સંગ્રહ કરે તો અતૃષ્ણા ક્ષમ્ય છે તેમજ હાથમાંથી પડીને ભાંગી જાય એવી ક્ષણભંગુર ચીજોને સંઘરે તો એ ધૂન પણ ગમ્ય છે પણ માનવી તો ઝેર, વેર, કૃતઘ્નતા તથા કિન્નાખોરી અને કારુણ્યની વાતો પોતાના મનમાં ભરી રહ્યો છે અને સમયે કે કસમયે યોગ્યાયોગ્યનો વિવેક રાખ્યા વિના એ દુર્ગંધભર્યો ગેસ બહાર કાઢી ઘણા નિર્મળ આત્માઓને પણ જુગુપ્સા પહોંચાડી રહેલ છે.

દુનિયામાં તદ્દન નિર્દોષ દર્પણ જેવો સ્વચ્છ એ (જરા પણ એબ વિનાનો) ઇશ્વર સિવાય કયો આત્મા-પવિત્ર "કોઇ પણ પ્રકારની જીવનમાં ભૂલ કર્યા વિનાનો" હશે? નહિં જ હોય, છતાં કોઇ મનુષ્ય પોતાની જાતને માટે એવો ગર્વ ધરાવીને કહેતો હોય કે મારો આત્મા તદ્દન શુદ્ધ છે-પવિત્ર છે તો સમજવું કે એ માનવી અહમ્ તથા વાસનાનો ત્યાગ કરી માયા(મોહ)ની દુઃખદ જકડમાંથી છૂટયો નથી-એ તો અહમ્નો રચેલો આડંબર અથવા ચાલબાજી છે. અહમ્ કદાપિ પણ શુદ્ધ જીવન નહિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ આવકારે. એ તો મમત્વ વધારતો પોતાની જાતને વધુ ને વધુ પાથરતો જાય છે અને માયામાં વધુ ને વધુ ઘેરાતો જાય છે તેથી પોતાના સ્વાંગો નવા નવા મોહક સ્વરૂપે રચતો માનવી વધુ ને વધુ અધઃપતનની ગર્તામાં ઉતરતો જાય છે.

માનવીને અન્યના શાસન તથા પ્રભાવ-ઉન્નતિ વધારે ભમાવી રહ્યાં છે તેથી ઇર્ષા અને કલહ હૃદય ઉપર સ્વાર બની ગયા છે અને એ સ્વારોએ એ મનરૂપી અશ્વોની લગામ પોતાના હાથમાં લીધી છે જેથી તમારે જ્યાં ન જવું હોય ત્યાં પણ તમોને લઇ જાય છે.

માનવી, જો સાચે જ તને જીવનનો ઉત્કર્ષ સાધવાની તમન્ના જાગી હોય તો પ્રથમ તું પોતાના દિલને સ્વચ્છ બનાવીને મજબૂત બનાવી દે; પછી ભલેને એ દુષ્ટ તત્ત્વો પોતાની દરેક શક્તિઓનો ઉપયોગ કરે. પણ મગદૂર નથી કે તે તારો પરાજય કરી શકે. "અનાત્મીય એ તત્ત્વોનું સત્ય-આગ્રહ પાસે કશું ચાલતું નથી." છેવટે તજ્યે જ તેનો છૂટકારો છે. તું જો સત્યનો ઉપાસક બનશે તો તને એ તારા સનાતન ધર્મથી કોઇ પણ તત્ત્વ ચલિત કરવા સમર્થ નથી જ, એવું ખાત્રીથી સમજીને જો તું તારા એ પરમ પવિત્ર સ્થાને એકલો ઊભો રહીશ તો અહમ્ અને વાસનાએ પેદા કરેલી એ કપટ જાળને ધરમૂળથી ફેંકી દઇ શકશે અને કાળ રચિત એ સર્વ દુષ્ટ પ્રવૃત્તિને વિસર્જન કરીને મનને વાસના, વિચારવૃત્તિ, લાગણી, અનુભવ, સ્મૃતિ, જ્ઞાન એ સર્વથી પર લઇ જઇને નિરવ શાંતિમાં જીવન નિર્ગમન કરી શકશે. પછી તું જોશે, કે તને એ જીવનનું કેવું દર્શન મળે છે? તને તેનો આપોઆપ સાક્ષાત્કાર મળી રહેશે કારણ કે એથી જીવનમાં એવી અમોઘ દૃષ્ટિ લાધે છે કે આત્મા આપોઆપ દરેક દૂષિત ગૂંચોને સ્વયં પ્રભાથી વિખેરી (છૂટી પાડીને) કોઇ અનેરું ભવ્ય સર્જન કરે છે.

આ બધું, સમજ્યા તથા જાણ્યા છતાં દુઃખ તથા ખેદની વાત છે કે આપણને (માનવીને) એ રીતે જીવવું રસદાયક લાગતું નથી.

જો કે ઘણાં વિરલા પુરુષો એ સર્વનો ત્યાગ કરીને અનંત ચતુષ્ટય શાશ્વત સંપત્તિ પામી ગયા છે પણ આ કલિકાળમાં માનવીની દૃષ્ટિને કોઇ સેતાન (અધર્મી) તત્વે ઘેરી લીધેલ છે તેથી જ એ (મુક્ત સ્વતંત્ર આત્મ તત્વ) જડ જગતના બંધનમાં બંધાઇ રહેલ છે અને સ્વાર્થી વિષયોના આકર્ષણમાં મુગ્ધ બન્યો છે. એ ઉપર એક "પોતાની ભૂખતરસથી પીડાતા માનવીનો, નિંદ્ય-ક્રૂર ઇર્ષાખોરીનું દૃષ્ટાંત છે."

એક રાજપુરુષ એક પર્વતની ગુફામાં પોતાના વ્હાલાના ચરણકમળ સુધી પહોંચવા માટે સર્વસ્વનો ત્યાગ કરી યોગસાધનાથે આવીને રહેલા છે. તેઓ નિરંતર પ્રકાશમય, પ્રેમમય, આનંદમય અને ચૈતન્યમય જ્યોતિ સ્વરૂપનું ધ્યાન ધરવામાં તલ્લીન રહે છે. તેઓએ એ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી એ તપ-ત્યાગને પ્રભાવે થોડી સિદ્ધિ પણ પ્રાપ્ત કરી છે પણ એઓ તો મુક્તિમાર્ગના પથિક હતા જેથી એક જ ચિંતન અને એક જ રટણમાં અનેક શારીરિક તથા માનસિક કષ્ટો સહર્ષ સ્વીકારીને પણ એ દુષ્કર કર્મ પ્રભુ મિલનની આશાએ કરી રહ્યા હતા. એવા એ પ્રભુના અનુગ્રહાર્થી મહાત્માની કીર્તિ પણ શહેરમાં તેમજ ગામડાઓમાં ફેલાવા લાગી છે. પણ એ પ્રશંસા પેલા ક્રૂર કર્મી યુવાનને શલ્યની જેમ ખૂંચવા લાગી, કારણ કે પોતે બ્રાહ્મણપુત્ર હતો પણ એ મુસલમાનના રાજ્યમાં એ ગામનો એ કોટવાળ હતો અને એણે પોતાની ક્રૂરતાથી તથા સતામણીથા તેમજ નિર્દયતાથી પોતાનું વર્ચસ્વ ગામમાં જમાવ્યું હતું. તેનું અભિમાન એટલે સુધી હતું કે કોઇ પણ વ્યક્તિના સદ્‌ગુણો (પોતાના સિવાયના) કોઇથી બોલી ન શકાય. તેમ છતાં કોઇ બોલે તો એના ભોગ જ મળે. તે દેવના મંદિરને પણ પિછાણતો નહિં (દેવને તો કયાંથી જ પિછાણે?) તે કાયમ સાધુ-સંતની તો ખાસ અવજ્ઞા-અપમાન કરતો, એ તો એનો સામાન્ય ધર્મ હતો. સાચો ધર્મ પશુ છે કે પક્ષિ અને તે કયા પશુ-પક્ષિને ધર્મ કહેવાય છે તે, તે જાણતો નહોતો.. એવો એ નરાધમ યુવાન એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાત્મા પુરુષની ખ્યાતિ સાંભળીને ખૂબ ઉશ્કેરાણો અને એ મહાત્માને હેરાન કરવા માટેના દરેક પ્રયાસો તેણે શરૂ કર્યા. એણે તો બહુ રૂપીની જેમ ચુસ્ત બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કર્યું. જનોઇ, ટિલાં, ટપકાં કરી પાઘડી પહેરીને ધર્માવતાર જેવો બની ચાલ્યો મહારાજને આશ્રમે. મહારાજ તો પાસેના એક ઉપવનમાં જઇને એક અશોક વૃક્ષ નીચે કાયોત્સર્ગ કરી સમાધિ લગાવીને બેઠા હતા. પણ તેના બે શિષ્યો શાસ્ત્રાભ્યાસ કરતા ત્યાં બેઠા હતા. તેમની પાસે જઇ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ ( જાણે મશ્કરી કરતો હોય એ રીતે ) કર્યા. એ ભાઇનું વર્તન શિષ્યોને ઠીક ન લાગ્યું છતાં પણ વિનમ્ર ભાવે તેણે તેનો સત્કાર કર્યો.

"પાપાત્માઓના ડોળની ધર્માત્માને ખબર ન જ પડે" બિચારા શિષ્યો તો આ આવનારને એક ભક્તજન તરીકે સમજી તેની સાથે ભોળા ભાવે વાતો કરવા લાગ્યા.

યુવકે બે હાથ જોડી ( કૃત્રિમ ભાવે ) શિષ્યને કટાક્ષમાં જ પૂછ્યું; શું મહાત્મા આરામમાં બિરાજે છે ?

'નહિંજી, મહારાજ સમાધિ મેં હૈં.'

'અચ્છા:'

મહારાજના આસન પાસે એક નાની વાંસની ભુંગળી જેવી લાકડી પડી હતી તે તરફ અંગુલી-નિર્દેશ કરીને તે યુવકે શિષ્યને પૂછ્યું.

'ક્યા મહાત્મા પેલા કૃષ્ણ કી તરહ બંસરી બજાતે હૈ ?'

'નહિંજી, મહારાજ કી યહ, ચમત્કારીક લકડી હૈ.'

'ઇસ કા મતલબ ?'

'ઇસ લકડી સે મહાત્મા આત્મા કો દેખ સકતે હૈ કિ, યહ આત્મા કિતના પવિત્ર યા અપવિત્ર હૈ.'

'ઐસા; ઠીક હૈ, મહારાજ તો બહુત વિદ્યામય દીખાઇ દેતે હૈ.'

'પવિત્ર આત્મા હૈ. કુચ્છ-કુચ્છ ( થોડા બહુત ) ત્રિકાળ જ્ઞાન ( ભાવ ) ભી સમજ ( જાન ) સકતા હૈ ઔર યહ સાધના વે, લૌકિક ઔર પારલૌકિક કલ્યાણ કે લીયે કર રહે હૈ.'

'અચ્છા—બહુત અચ્છા હૈ'

એમ કહીને એ ( યુવક ) ત્યાં બેઠો. પેલા શિષ્યો આશ્રમના કંઇક કામમાં રોકાયા. એ સમયનો લાગ જોઇને પેલી લાકડી ઉઠાવીને તેણે તો ચાલતી પકડી અને બાજુના જ ઉદ્યાનમાં અશોક વૃક્ષ નીચે મહાત્મા પ્રભુચિંતનમાં તદાકાર બનીને પોતાના આત્માને એ વિશુદ્ધ આત્મા પ્રત્યે લીન બનાવી સમાધિપણે બેઠા હતા ત્યાં તે પહોંચ્યો અને પેલી લાકડી મહાત્માના દિલ સામે ( દૂરબિનની જેમ ) ધરી જોવા લાગ્યો તો એકદમ પ્રકાશ પ્રકાશ-તેજનો પુંજ જુએ છે, પણ વચ્ચે સ્હેજ તલ જેટલું કાળું બિંદુ દેખાણું. એ જોઇને તે બોલી ઉઠયોઃ હત્તારી આ તો પાખંડી છે, પાપી છે, લુચ્ચો છે, ઠગ છે, આ તો દુનિયાને બનાવવા જ નિકળ્યો છે. હવે તો એનો બરાબર ફજેતો કરું; આમ બોલતો ને બબડતો એ તો ગામમાં આવ્યો અને જોરથી બોલવા લાગ્યોઃ અરે મૂર્ખાઓ, પેલો મહાત્મા ( જેને તમે પ્રભુ કહો છો એ ) તો કાળા દિલનો છે. વિગેરે. દુષ્ટ માણસને માટે કયું દુષ્કર્મ એવું હોય કે, તે ન કરે અથવા ન બોલે ? એવામાં એક પ્રૌઢ ધર્માત્મા પંડિત એ રસ્તેથી નીકલ્યા. તેનાથી આ પાપાત્માના અપશબ્દો સંભળાતા નથી છતાં પણ એ નરરાક્ષસની એવી બીક સૌને લાગતી જેથી તેની આગળ થઇને કોઇ નીકળતું નહી અને તેની નજરે ન પડાય એમ ચાલ્યા જતા હતા. આ પ્રકારે તેના પાપ પરાકાષ્ઠાએ પહોંચ્યા હતા. લાલચોળ આંખો કરીને જેમ તેમ તે બકતો હતો.

પેલા પંડિતને કરુણા જાગી અને મનમાં વિચાર કરે છે કે-કોઇ પણ પ્રકારે આ માનવીનો ઉદ્ધાર થવો જોઇએ. આવી શુભ કામના તેના દિલમાં ઉત્પન્ન થઇ જેથી ધીમે ધીમે તેઓ તેની પાસે આવ્યા અને ઊભા રહ્યાઃ પેલા પાપાત્માનો ક્રોધાગ્નિ ભભૂકી ઉઠયો અને પંડિતને કહે છેઃ ભગતડા, પેલો તારો મહારાજ કાળા દિલનો છે. પાપી છે, દુષ્ટ છે, એનું પૂંછડું છોડ, નહિં તો હેરાન થઇશ.

પંડિતના મુખમાંથી ( હંમેશની ટેવ હોવાથી ) એક શ્લોક સરી પડ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सहसा विदधीत न क्रिया-
मविवेकः परमापदां पदम् ॥

"ઉતાવળે કોઇ કામ ન કરવું; નહિં તો ભારે દુઃખ આવી પડે છે"

આવો અમૂલ્ય શ્લોક પોતે કયા આત્મા પાસે બોલી રહ્યા છે તે પોતાની સુપાત્રતા તેમજ પરોપકાર વૃત્તિને લઇ તે વિચારતા નથી.

પણ પેલો ભયંકર માનવી તો આ પંડિતનો એ શ્લોક સાંભળવા ક્યાં નવરો હતો? એ તો પોતાના ગર્વમાં જ નાચતો હતો. એણે તો આ શ્લોકના જવાબમાં પગમાંથી ખાસડું કાઢીને એ પુણ્યાત્માને મારવા માટે તૈયારી કરી.

અહિં આશ્રમમાં પેલા મહાત્મા (સમાધિ મુક્ત થઇને) આવ્યા છે, પણ તેના આત્માને અશાન્તિ જણાતી હતી (કાંઇક અમંગળ સૂચન થતું હતું) જેથી મહાત્મા વિહ્વળ સ્વરૂપે આવીને પોતાના આસન ઉપર બેઠા. થોડીવારે બાજુમાં (જ્યાં પેલી લાકડી રહેતી ત્યાં) નજર ગઇ. લાકડી દેખી નહી જેથી મહાત્મા ચેલાને બૂમ મારી પૂછે છે.

બેટા, મેરી વહ લકડી કહાં ગઇ?

'મહારાજ, કોઇ ધર્માત્મા જૈસે દિખાઇ દેતે યુવાન બ્રાહ્મણ પુત્ર આયે થે, ઉનકે સિવા દુસરા કોઇ આયા ન થા, ઉન્હોને હમકો પૂછા થા કિ યહ લકડી કિસકી હૈ? હમને સત્ય થા વહી ઉન્હે કહા થા.

'બેટા! માલુમ હૈ જ્ઞાની બોલ ગયે હૈ વો; "રાક્ષસઃ કલિમાશ્રિત્ય જાયતે બ્રહ્મયોનિષુ"

"રાક્ષસો બ્રાહ્મણોના રૂપમાં પૃથ્વી ઉપર આ કળીયુગમાં જન્મશે" તુમ ઇસ જમાને કે મનુષ્ય કો પહેચાન નહી સકોગે. યહ લકડી વોજ લે ગયે હૈ, મેરા દિલ કહતા હૈ બેટા!

'ગુરુજી, દગા હૂવા?'

'કુચ્છ હરકત નહિં બેટા! મૈં ઉસકે રહેઠાન પર જાતા હું, જો હોગા વહ માલુમ પડ જાયગા.'

મહાત્મા એ બ્રાહ્મણ યુવાનના રહેઠાણ પર જવા માટે આશ્રમમાંથી નિકળ્યા. રસ્તામાં ઘણે ઠેકાણે ઘણાં માણસોને મહારાજ તરફ આંગળી ચીંધતા તથા તેને જોઇ જાણે ગભરાતાં હોય તેવા આચરણ કરતા માનવીને એ સંત મહાત્માએ જોયા ને પોતાના દિલમાં એક શુભ કામના જાગે છે. મહાત્મા સમજી ગયા છે કે આ ગંદો પ્રચાર પેલાએ જ કરેલો છે, એવું જાણ્યું છતાં પણ તેઓના દિલમાં "પેલા પાપાત્મા પ્રત્યે" કરુણા જાગી છે. "તેનો ઉદ્ધાર કરવાની જ ઇચ્છા થઇ રહી છે." જે ઇશ્વરનો અનુગ્રહ પામેલો આત્મા છે એ તો ઇશ્વરેચ્છિત માર્ગે જ ચાલનારો હોય છે." એ માર્ગ છે રાગ દ્વેષથી પર રહી સૌ કોઇનું કલ્યાણ કરવાનો. એવા એ સંતમહાત્મા ચાલ્યા આવે છે. એ પાપાત્માના પાપનો વિનાશ નજીક આવી રહ્યો છે. એવા પાપાત્માનો સૌભાગ્ય સૂરજ થોડા જ સમયમાં ઉદય પામવાનો છે. એ સંત નહિં પણ તેના પાપનો અંત આવે છે. પેલા પંડિતની સાથે અહીં હજુ તકરાર એ કરી રહ્યો હતો અને ખાસડું કાઢીને મારવાની અણી ઉપર હતો ત્યાં થોડે દૂરથી એ સંત પુરુષની નજર એ તરફ ખેંચાય છે અને તે મોઢેથી બોલી ઊઠ્યા "જય સચ્ચિદાનંદ" મહાત્મા આગળ આવતા જાય છે તેમ પેલાને પોતાનામાં વધુ ભય થતો જાય છે. એ તો આંખો ફાડીને સામે જોઇ રહ્યો છે અને પેલા સંત મહાત્મા નજીકમાં જ આવીને ઊભા રહ્યા.

મહાત્માને પોતાની પાસે આવીને ઊભા રહેલા જોયા. શાન્તમૂર્તિ જેવા, જેની ચક્ષુઓમાંથી પ્રેમામૃત વહી રહ્યું છે એવા પ્રેરણામૂર્તિને જોઇ એ પોતાનો આત્મવિશ્વાસ ગુમાવી બેઠો અને તેના હાથમાંનું ખાસડું (પગરખું) પડી ગયું. કાયા કંપવા લાગી. એક શબ્દ પણ બોલી શકાતો નથી. શિર ઝૂકાવીને એ ધરતી સામે જોઇને ઊભો રહ્યો. (પુણ્યાત્માનો જ એ પ્રભાવ છે) તપ અને ત્યાગ, તથા વિશુદ્ધ પ્રેમમાં કોઇ અનેરો પ્રભાવ સમાયેલો છે. મહાત્માઓની યથાર્થ ઇચ્છા અથવા સંકલ્પ થતાં જ પાપીમાં પાપી પ્રાણી પણ પરમ પાવન અને પુણ્યવાન બની શકે છે. હિંસક પશુ જેવી મનોવૃત્તિ પણ એવા પુણ્યશ્લોકોના દર્શનથી પવિત્ર બની જાય છે. એ રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ બ્રાહ્મણકુમારને એ સંતમહાત્માને દેખતાં જ પોતાના કુકૃત્યોનું ભાન થયું અને પશ્ચાત્તાપ કરવા લાગ્યો અને તે એક બંધિવાનની જેમ ઊભો રહ્યો.

મહાત્માજી તેને કહે છે :

'બેટા ! તું આશ્રમમેં આયે થે ?'

'ક્ષમા કરો પ્રભુ, મેરી બુદ્ધિ મલિન હો ગયે થે, આપ જૈસે પવિત્ર આત્મામેં મેરેકો શંકા આયા ઔર આપકી લકડી ઉઠાકે આપકા હી આત્મા દેખનેકું નિકલ પડા મહારાજ ! આપકા દિલકી બિચમેં તિલ જીતના હિ કાલા હૈ, મગર મેરા દિલ સબ કાલા હૈ, મહારાજ, મૈં પાપી હું. મેરા ઉદ્ધાર કીજીયે, કૃપાનાથ ! મેરા દિલમેં અંધેરા હો ગયા.

એમ કહીને તે મહાત્માના ચરણોમાં આળોટી પડ્યો. મહાત્માએ તેને ઊભો કર્યો અને સ્નેહપૂર્ણ દિલે આશીર્વાદ આપ્યા કે બેટા ! તેરા પશ્ચાત્તાપસેં તું કૃતાર્થ હો ગયા. તેરા ઉદ્ધાર નજીકમેં જ હૈ. તુમ જીવનભર દો બાતે યાદ રખના **"અન્ય કોઈકા દોષ દેખનેકા સંકલ્પ ભી મત કરના"** ઔર **તેરા દોષ નિશદિન તપાસતે રહેના.** ઇશ્વર તેરા કલ્યાણ કરેંગે બેટા.

બેટા ! તેરેકું માલૂમ હૈ કિ કુદરત રાત્રિદિવસ કયા કામ કરી રહી હૈ ?

કુદરત સભીકા કર્મકા પાછળ પડતા પગલાં કી નોંધ કરતી હૈ. મનુષ્ય નિંદા ઔર ઇર્ષા ઔર રાગ-દ્વેષમેં અપના અમૂલ્ય માનવજીવનકા દુરુપયોગ કર રહે હૈ વો ખેદકી બાત હૈ.

"સજ્જન પુરુષ કો, જ્ઞાની પંખાકી ઉપમા દેતે હૈ.

**सुजनं व्यंजनं मन्ये चारुवंशसमुद्भवम् ।**
**आत्मानं च परिभ्राम्य, परतापनिवारणम् ॥**

ઉત્તમ વંશમાં જન્મ ધારણ કરીને પોતાના શરીરનું પરિવર્તન કરી નાંખી બીજાનાં દુઃખ દૂર કરનાર સજ્જન પુરુષને પંખાસમાન કહ્યો છે (પંખો પોતાને ફેરવીને બીજાઓના તાપને દૂર કરે છે.)

પેલા બ્રાહ્મણકુમારે એ મહાત્માના ચરણમાં આત્મસમર્પણ કરી મહાભિનિષ્ક્રમણનો માર્ગ ગ્રહણ કર્યો અને ત્યાગનો એ પથિક છેવટે પ્રભુના ચરણે જઇ વસ્યો.

જગતમાં સર્વે જડ અને ચૈતન્ય વસ્તુ ગુણ-નિધાન છે પણ તે જોવાની દૃષ્ટિ માણસે કેળવવી જોઇએ. જેમકે-મધમાખી વિષ્ટામાંથી પણ મધના તત્ત્વો ગ્રહણ કરે છે. તેમજ હંસ દૂધ અને પાણી ભેગા હશે તેમાંથી પાણી છોડીને તે દૂધ ગ્રહણ કરશે. એ રીતે કોઇ પણ વ્યક્તિ કે વસ્તુમાં ગુણ અને દોષ બન્ને હોય છે પણ તેમાંથી ગુણગ્રાહી બનવું એ જ આત્માની ઉદારતા તેમજ ઉચ્ચતા છે. મહાનમાં મહાન્ રત્નો જેવા ગણાતા દ્રવ્યોમાં પણ ન્યૂનતા તો છે જ. કવિ કહે છે કે—

**शशिनि खलु कलंकः कंटकः पद्मनाले ।**
**जलधिजलमपेयं, पंडिते निर्धनत्वं ॥**
**दयितजनवियोगं, दुर्भगत्वं स्वरूपे ।**
**धनपतौ कृपणत्वं, रत्नदोषी कृतांतः ॥**

શું એ ખામી હોવા છતાં એમાંથી કોઇ વસ્તુનો તિરસ્કાર-ત્યાગ કરીશું ?

ગુણાનુરાગી મનુષ્યને તીર્થંકર પદ સુધીની સિદ્ધિઓ પણ દુર્લભ નથી, એમ ગ્રંથકારો કહે છે.

જે પુરુષના હૃદયમાં ઉત્તમ પુરુષો પ્રતિ અનુરાગ વધતો હોય છે તેને તીર્થંકર પદ સુધીની સિદ્ધિઓ પ્રાપ્ત થઇ શકે છે. પણ-

જેમ સમડીની દૃષ્ટિ મરેલા સાપ ઉપર પડે છે, ગધેડાને ઉકરડામાં જ આળોટવાનું ગમે છે, તેમજ ડુક્કરને વિષ્ટામાં જ આનંદ આવે છે તેમ દોષ-દૃષ્ટિવાળા માનવીને હમેશાં બીજાનાં દોષો જોવામાં જ મજા આવે છે. હે માનવી, તારે સમડી નહીં પણ રાજહંસ થવાનું છે. આધ્યાત્મિક પ્રદેશના રાજહંસ ! તારે તો મોતીનો ચારો જ કરવાનો હોય. અન્ય કોઇ સંકલ્પ કરવાનો જ ન હોય. માનવ, તારો ધર્મ શું છે ? **गुणीषु प्रमोदम्.** તું એ ન ભૂલતો. તારું શ્રેય અને કલ્યાણ ગુણ-ગ્રાહકતામાં છે, માટે જ જગતમાં થઇ ગયેલા મહાન પુરુષોનો પ્રધાન મંત્ર **"ગુણગ્રાહી બનો"** એ સૂત્રને સાર્થક બનાવી સ્વ તેમજ પરનું કલ્યાણ સાધો, એ જ જીવન ઉત્કર્ષ માટેનો ઉત્તમમાં ઉત્તમ માર્ગ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાભાર-સ્વીકાર

૧. **સર્વજ્ઞશતકમ્**—( પ્રતાકાર )—પ્રકાશિકા-શ્રી મીઠાભાઇ કલ્યાણચંદ જૈન પેઢી-કપડવંજ. સંશોધક-મુનિરાજશ્રી ચંદનસાગરજી ગણિવર્ય. પ્રતાકાર પૃષ્ઠ ૨૧૪. મૂલ્ય અમૂલ્ય. સભાને બાજીપુરાવાળા શેઠ નેમચંદ જીવણચંદ તરફથી ભેટ મળેલ છે.

આ શ્રેષ્ઠ કોટિના ગ્રંથના રચયિતા મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવર છે. ગ્રંથના રહસ્યને બરાબર સમજી શકાય તે માટે તેઓશ્રીએ આ ગ્રંથને સ્વોપજ્ઞ વૃત્તિથી અલંકૃત કરેલ છે. જગદ્‌ગુરુ આચાર્યશ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજશ્રીના તેઓશ્રી સમકાલીન હતા. તેઓશ્રીની વિદ્વત્તા અકાટ્ય અને અપૂર્વ હતી. તેઓશ્રીએ કલ્પકિરણાવલી, વિગેરે અનેક ગ્રંથોની રચના કરી છે. શાસનને માટે તેઓશ્રી પ્રાણ પાથરવા પણ તૈયાર રહેતા અને શાસન પર થતા અયોગ્ય હુમલાનો નીડરતાથી પ્રતીકાર કરતા.

આ ગ્રંથમાં તેઓશ્રીએ સર્વજ્ઞ-કેવળી ભગવંતને અંગે વિવિધ વિષયોનું નિરૂપણ કરી, કેવળી ભગવંતના સંબંધમાં પ્રવર્તતી ભ્રાન્ત માન્યતાઓનું સરસ શૈલીએ નિરસન કર્યું છે. આ ગ્રંથમાં ૧૨૨ વિધવિધ વિષયો અંગે શાસ્ત્રશૈલીથી સુંદર નિરૂપણ કરી ગ્રંથની મહત્તામાં વધારો કર્યો છે. ઉપાધ્યાયજીના આ ગ્રંથરત્નને આગમોદ્ધારક ગ્રંથમાળાના પ્રથમ મણકા તરીકે પ્રકાશિત કરાવી પૂજ્ય મુનિરાજશ્રી ચંદનસાગરજી મહારાજે ખરેખર શ્રુતભક્તિ કરેલ છે. તેઓશ્રીનો, પ્રકાશનમાં સહાયકર્તાઓનો, સહાયકોને પ્રેરણા કરનાર મુનિવર્યોનો તેમજ મુદ્રણકાર્ય અંગે હસ્તલિખિત પ્રત આપનાર મુનિરાજશ્રી નરેન્દ્રસાગરજીનો પ્રયાસ પ્રશંસનીય તેમજ આવકારપાત્ર છે.

૨. **શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી સુખડિયા પાઇફંડ વિદ્યાર્થીગૃહ વિશેષાંક**—પ્રકાશક-સવાઇલાલ અમૃતલાલ શેઠ-ભાવનગર. પૃષ્ઠ ૧૯૨, સચિત્ર.

આજે સમાજમાં કેળવણીની ભૂખ જાગી છે અને વિધવિધ જ્ઞાતિઓ પોતપોતાની શૈલીએ તેને પ્રોત્સાહન તેમજ વેગ આપવા પ્રયાસ કરી રહી છે. સુખડિયા જ્ઞાતિ સામાન્ય રીતે શ્રમને પ્રાધાન્ય પદ આપનારી જ્ઞાતિ છે, છતાં સમયની સાથે કદમ ઊઠાવવા તેમણે પણ કમર કસી છે. નાનું એવું બીજ પણ સમય જતાં કેવું વિરાટ વટવૃક્ષ બને છે તેનો આ જ્ઞાતિએ એક સુંદર દાખલો બેસાડ્યો છે. કોઇના પણ ગજવાને ભારે ન પડે તે રીતે તેમણે "પાઇફંડ"નું સર્જન કર્યું અને જોતજોતામાં સારી પ્રગતિ સાધી. સં. ૨૦૦૬ માં પાઇફંડ ઊભું કર્યું, સં. ૨૦૦૯ માં ભાવનગરમાં વિદ્યાર્થીગૃહની સ્થાપના કરી અને આજે સુખડિયા જ્ઞાતિના બાળકો ધાર્મિક, નૈતિક અને વ્યવહારિક કેળવણી સારી રીતે લઇ રહ્યા છે, તે "પાઇફંડ"નું જ સુંદર પરિણામ છે. આ સંસ્થાને વયોવૃદ્ધ શેઠ અમૃતલાલ છગનલાલની તન, મન, ધનથી સંપૂર્ણ સહાય છે.

આ વિશેષાંકમાં સં. ૨૦૦૬ થી પ્રારંભીને સં. ૨૦૧૧ સુધીનો સળંગ અહેવાલ, રિપોર્ટ, આવક-જાવકનો હિસાબ, વિદ્યાર્થીગૃહ ઉદ્દ્‌ઘાટન સમારંભની વિસ્તૃત કાર્યવાહી, વિધવિધ વક્તાઓના થયેલા પ્રવચનો, કાવ્યો વિગેરે સામગ્રી પીરસવામાં આવી છે. સાઠેક જેટલા પ્રસંગ-ચિત્રો આપી વિશેષાંકની સુંદરતામાં વધારો કર્યો છે. શ્રી સવાઇલાલ અમૃતલાલ શેઠ, જેઓ આ સંસ્થાના માનદમંત્રી છે તેઓ સારો આત્મભોગ આપી રહ્યા છે. અમો તેઓશ્રીની કાર્યવાહીને અભિનંદન આપી વિશેષ ને વિશેષ પ્રગતિ સાધે તેમ ઇચ્છીએ છીએ.

૩. **અંતરનાં અજવાળા**—રચયિતા કવિકુલતિલક, શતાવધાની મુનિરાજશ્રી કીર્તિવિજયજી મહારાજ. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૧૧૨. પ્રકાશક શ્રી આત્મ-કમલ-લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર-દાદર.

પૂજ્ય મુનિરાજશ્રી આપણા સમાજમાં એક શ્રદ્ધેય અને સુંદર કાવ્ય-રચયિતા તરીકે પ્રસિદ્ધ છે. ગમે તે પ્રસંગને તેઓ પોતાની કાવ્યચમત્કૃતિથી સુંદર અને લોકભોગ્ય બનાવી શકે છે. આ પુસ્તકમાં તેઓશ્રીની પ્રકટ અને અપ્રકટ વીશ જેટલી સજ્ઝાયોનો સંગ્રહ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. પ્રકટ થયેલ આ



For Private And Personal Use Only

આવૃત્તિ જ તેની ઉપયોગિતાની સાબિતી છે. અમો પૂજ્ય મુનિરાજશ્રીના આ પ્રયાસને આવકારીએ છીએ.

**૪. આંતર જ્યોતિ** ( પ્રથમ ભાગ ) લેખક- આચાર્ય શ્રીમદ્ કીર્તિસાગરસૂરિજી મહારાજ. પ્રકાશક શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ-મુંબઇ. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ આશરે ૪૭૫. મૂલ્ય રૂપિઆ પાંચ.

મુંબઇના શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળે સાહિત્યના ક્ષેત્રમાં સારો ફાળો આપ્યો છે. અત્યાર સુધીમાં લગભગ ૧૧૩ જેટલાં ગ્રંથો પ્રકટ કરી સમાજમાં મોભાભર્યું સ્થાન પ્રાપ્ત કરેલ છે. કર્મયોગ અને આનંદઘનજીના પદો-ભાવાર્થ સહિત, ભજનપદ સંગ્રહ વિગેરે અધ્યાત્મને લગતાં ગ્રંથો સમાજમાં સારો આદર પામ્યા છે. આચાર્યશ્રી કીર્તિસાગર-સૂરિજીએ પણ ૬૫૧ જેટલા વિધવિધ પ્રસંગો પરત્વે પોતાની સરલ તેમજ રોચક કલમથી આ ગ્રંથમાં સારું અલેખન કર્યું છે. તેઓશ્રી સારા લેખક હોવા ઉપરાંત તત્ત્વચિન્તક પણ છે. બાકીના ઉપદેશક-વચનો આ ગ્રંથના બીજા ભાગમાં પ્રકટ કરવામાં આવશે. શ્રીયુત ફતેહચંદ ઝવેરભાઇનું આ ગ્રંથ અંગેનું કર્થાયતવ્ય આ ગ્રંથ કેટલો વિશિષ્ટ છે તેનું દિગ્દર્શન કરાવે છે. અમો આચાર્યશ્રીના આ પ્રયાસને આવકારીએ છીએ અને બીજો ભાગ જલ્દી પ્રકાશિત થાય તેમ ઇચ્છીએ છીએ.

**૫. રાણકપુરની પંચતીર્થી**—( સચિત્ર ) લેખક-અંબાલાલ પ્રેમચંદ શાહ, પ્રકાશક-શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા-ભાવનગર. આશરે પૃષ્ઠ ૧૪૦, મૂલ્ય રૂા. પોણા બે.

શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળાની ઐતિહાસિક દૃષ્ટિએ વિધવિધ પ્રકાશન કરવાની શૈલી અનુકરણીય અને અભિનંદનને પાત્ર છે. આપણા મુખ્ય મુખ્ય તીર્થોના ઇતિહાસનું સંશોધન કરી તેને ક્રમબદ્ધ શૈલીએ રજૂ કરીને સારી સાહિત્ય સેવા બજાવવા ઉપરાંત આપણને આપણા તીર્થોની પ્રાચીનતા, ઉપયોગિતા અને ઐતિહાસિકતા સંબંધમાં સારું અંજવાળું આપે છે. આ રાણકપુરજીની પંચતીર્થીમાં આવતા દરેક સ્થળોની સુંદર રીતે માહિતી આપવામાં આવી છે. તદુપરાંત પરિશિષ્ટો આપીને તીર્થને લગતા સ્તવનો વિગેરે તેમજ શિલાલેખો આપી ઉપયોગી સામગ્રી પૂરી પાડી છે. પચીશેક જેટલા ચિત્રો આપી ગ્રંથને સુશોભિત બનાવ્યો છે. અમો આ પ્રયાસની પ્રશંસા કરીએ છીએ.

**૬. ચારૂપ અને મેત્રાણા**( બે જૈન તીર્થો )— લેખક-મુનિરાજશ્રી વિશાલવિજયજી મહારાજ. પ્રકાશક-શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા-ભાવનગર. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૪૦, મૂલ્ય છ આના.

મુનિરાજશ્રી વિશાલવિજયજી ઇતિહાસપ્રેમી છે. આ દિશામાં તેમનું સંશોધન પ્રશંસાપાત્ર છે અને ચાર પાંચ નાની-નાની ટેકરો બહાર પાડી, અત્યાર સુધી અંધારામાં રહેલ તીર્થોના ઇતિહાસને પ્રકાશવંતો કર્યો છે. આ લઘુ પુસ્તિકામાં સોલંકી યુગના બંને તીર્થોને લગતી વિધવિધ સહાદતો સાથે સારી માહિતી આપી છે. પ્રયાસ આવકારપાત્ર છે.

**૭. શ્રી ભોરોલ તીર્થ**—લેખક ને પ્રકાશક ઉપર પ્રમાણે. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૩૬, મૂલ્ય ચાર આના. ઉત્તર ગુજરાતના આ તીર્થસ્થાનની અર્વાચીન અને પ્રાચીન માહિતી આ લઘુ પુસ્તિકામાં સારી રીતે આપવામાં આવી છે. લેખકશ્રી પાસે આવી સામગ્રી સારા પ્રમાણમાં સંગ્રહાયેલી પડી છે. તેઓશ્રી એક પછી એક આવા પ્રાચીન સ્થળોનો માહિતીપૂર્ણ ઇતિહાસ પ્રસિદ્ધ કરે એમ ઇચ્છીએ છીએ.

**૮. શ્રી આનંદઘનજીનાં પદો**—લેખક સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ. પ્રકાશક શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ ૨૬. કિંમત રૂા. ૭-૮-૦

**૯. વર્ણક-સમુચ્ચય** ભા. ૧ મૂલ પાઠ. સંપાદક ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા એમ. એ. પીએચ. ડી. પ્રકાશક મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા કિંમત રૂા. ૭-૮-૦

10. Stem Reckoning by Gopaldas Khosla publishers: Bhawnani & Sons, New Delhi. 1

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

# લઘુ અને ગુરુ

સૂર્ય પોતાના પ્રતાપી કિરણોથી જગતને પ્રકાશિત કરી રહ્યો હતો. નિર્ગ્રંથનાથ ભગવાન મહાવીર જ્ઞાનનાં કિરણોથી પ્રાણીસમૂહનાં હૈયાંઓને પ્રકાશિત કરી રહ્યા હતા.

વસુંધરાને પાવન કરતા પ્રભુ આજ તો રાજગૃહનગરના મનોહર ઉદ્યાનમાં પધાર્યા છે, ગુણશીલ ચૈત્યમાં પ્રભુએ આસન જમાવ્યું છે. મગધરાજ બિંબિસાર અને પ્રજાજનો પ્રભુના દર્શને આવ્યા છે. સૌના હૈયામાં હર્ષ તો ક્યાંય માતો નથી.

શું પ્રભુના શાન્ત નયનો છે? શું એમની સૌમ્ય આકૃતિ છે? શું એમનો સંયમથી દીપતો દેહ છે? અને વાણી ...?

વાણી તો નગાધિરાજ પરથી વહેતી ગંગાની જેમ છલછલ કરતી વહી રહી છે! સૌ એને સાંભળી પરમ પ્રસન્ન બન્યા છે.

આ વખતે સૂર્ય જેવા તેજસ્વી અને ચંદ્ર જેવા સૌમ્ય શ્રી ગૌતમે માનવહૈયામાં ઘોળાતો પ્રશ્ન પૂછ્યો:

'પ્રભો! આત્મા શાથી ભારે બની અધોગતિને પામે છે? અને કયા પ્રકારે હળવો બની ઊર્ધ્વગતિને પામે છે?'

પ્રશ્ન ગંભીર હતો છતાં સમયોચિત હતો. સદૈવ જીવનના ભારથી હળવા બનવું હતું, એટલે સૌની જિજ્ઞાસા વધી. વાતનો મર્મ જાણવા સહુ ઉત્સુક બન્યા.

ભગવાનનાં કરુણા નીતરતાં નયનો સભા પર ઠર્યાં. થોડીવારે એ બોલ્યા:

'ગૌતમ! તુંબડું તરવાની શક્તિવાળું છે, એ સહુ જાણે છે. એક તુંબડું લાવે. એ સારું હોય, સૂકું હોય, કાણા વિનાનું હોય, પછી એ તુંબડા પર ચીકણી માટીનો લેપ કરે અને એને સુકવે. સુકાયા પછી વળી લેપ કરે. વળી સુકવે. આમ આઠ આઠ વાર પટ આપે. પછી એને પાણીમાં નાખે તો શું તરવાના સ્વભાવવાળું એ તુંબડું તરશે?'

'ના, પ્રભુ!' આખી સભા એક અવાજે બોલી.

પછી ભગવાન બોલ્યા:

"આ રીતે આઠ વાર લેપ કરેલા તુંબડાને પાણીમાં નાખે તો; એ તરવાની શક્તિવાળું તુંબડું પણ પાણીમાં તરતું નથી, બલ્કે ડૂબી જાય છે; તેમ આત્મા પણ હિંસા, અસત્ય, ચોરી, અસંયમ, ક્રોધ, માન, માયા અને લોભના કુસંસ્કારોથી લેપાયેલો ભારે થઈ જાય છે. તરવાની આવડત છતાં ડૂબે છે."

હૃદય ને બુદ્ધિને સ્પર્શતો આ ઉપદેશ સાંભળી સભા ડોલી રહી. આગળ વર્ધમાને કહ્યું.

પણ ગૌતમ! એ તુંબડા પરના લેપનો પહેલો પટ કોહવાય અને ઉખડી જાય તો એ તુંબડું થોડુંક અદ્ધર આવે, વળી એક પટ ઓછો થતાં વધુ ઊંચે આવે, એમ કરતાં એ બધા પટ ઉતરી જતાં તુંબડું મૂળ સ્વભાવે હળવું થતાં, પાણીની સપાટી પર તરવા લાગે. તે જ રીતે આ આત્મા પણ અહિંસા, સત્ય, અચૌર્ય, સંયમ, અપરિગ્રહ, ક્ષમા, મૃદુતા, સરળતા ને નિર્લોભતાના આચરણથી કુસંસ્કારોને નિર્મૂળ કરી, આઠે કર્મોનો ક્ષય કરી, હળવો બની ઊર્ધ્વગતિ પામે છે."

ગૌતમે ભગવાનના ઉપદેશનો સાર તારવતા કહ્યું:

એટલે પ્રભુ! કુસંસ્કારરૂપી આત્મા ભારે થઈને અધોગામી બને છે. સુસંસ્કારરૂપી આત્મા હળવો બની ઊર્ધ્વગામી બને છે!

પ્રભુના દર્શન કરી પાછા ફરતા સભાજનોના મુખ પર જાણ્યાનો પ્રકાશ હતો અને રાજગૃહના ઘર ઘરમાં તેની ચર્ચા હતી.

ચિત્રભાનુ

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઈ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર

For Private And Personal Use Only